Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सक्तस्त्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्युयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्र! निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः। तत्र युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । शिथिलयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमसमञ्जसं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

पुस्तक ३० मुं. भाद्रपदः सं. १९७०. शाके १८३६. अंक ६ ठो.

## वेश्या गमन निषेधक पद.

રાગ—આશાગોડી—કામ છે દુષ્ટ વિકારી—એ રાગ

વેશ્યા વ્યસને ખુવારી, તન ધન વેશ્યા વ્યસને ખુવારી. ટેક.
વેશ્યા તન છે ચાટ શ્વાનની, પરનર ખર મુખ ડારી;
ચાટે છાંડી એઠ જગતની, કુળ મરજાદા નિવારી. તન૦ ૧
પ્રીત કરે ધનવાન પુરૂષથી, તાકે દુધ મંજારી;
ખાલી કરી નિર્ધન જન તજતી, સર્પ કંચકી વિસારી. તન૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિપટ કપટ કરી હાવ ભાવથી, નખરે છેતરનારી;
ન્યાતજાત નીચ ઉંચ જુવે નહિ, ધન જોઇ બેલે જારી. તન૦
નિત્ય નિત્ય નેહ નવલથી કરતી, જગલાડી ધૂત્તારી;
પ્યાર ઓરથી રમે ઓરથી, અવર પુરૂષને પ્યારી. તન૦
એવી નીચ વેશ્યાં નારીથી, રમે દુષ્ટ વ્યભિચારી;
કેવળ જનનિ ભારે મારી, નરરૂપે ખર ભારી. તન૦
સાતે વ્યસનો વેશ્યા સંગે, જાર અંગ રહે જારી;
ઢોર હરાયાં પરે મુખ ઘાલે, જ્યાં ત્યાં એ વ્યભિચારી. તન૦
પરણીથી કરી પ્રેમ પટંતર, વેશ્યા પરસ્ત્રી પ્યારી;
**સાંકળચંદ** કહે એ પાપી, નરકતણા અધિકારી. તન૦

# मोहनिवारण पद.

( ૨ )

( સંગ્રાહક. સન્મિત્ર કર્પૂરવિજયજી. )

કિસીકું સબદિન સરખે ન હોય. ( ટેક. )
પ્રહુ ઉગત અસ્તંગત દિનકર, દિનમેં અવસ્થા દોય. કિ૦
હરિ બલભદ્ર પાંડવ નલ રાજા, ગયે ખટ ખંડ રિદ્ધિ ખોય;
ચંડાલકે ઘર પાની આન્યો, રાજા હરિચંદ જોય. કિ૦
ગર્વ મ કર રે મૂઢ ગમારા, ચડત પડત સબ કોય;
સમયસુંદર કહે ઇતર પરત સુખ, સાચો જિનધર્મ સોય. કિ૦

૧ સહુને સદાય સઘળા દિન સરખા નથી હોતા. જૂઓ સૂર્યને પણ ઉદય અને અસ્ત સમયે એકજ દિવસમાં બે જૂદી જૂદી અવસ્થા અનુભવવી પડે છે.

૨ કંઇક રાજા– મહારાજાઓ ( કૃષ્ણ, બલભદ્ર, પાંડવ અને નલ પ્રમુખ) રાજ્ય ઋદ્ધિ ખોઇ બેઠા છે. અને હરિચંદ્ર રાજાને ચંડાલને ઘેર પાણી ભરવું પડયું છે.

૩ સમયસુંદર કહે છે કે–હે મૂઢ ગમાર માનવી! તું ખોટું ગુમાન મ કર. સહુ કોઇને ચડતી પડતી આવે છેજ. ફક્ત ઉભય લોકમાં સુખદાયક ધર્મજ સાચો–અવિચળ છે. ઇતિશમ્.

( ૩ )

જિનજી તોરે ચરનકી સરણ ગહું. ( ટેક )
હૃદયકમલમેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું. જિ૦ ૧
તુજ સમ પાયો ( ખોજ્યો ) દેવ ખલકમેં, પ્રધાને નાંહિ કહું;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેરે ગુનકી જપું જપમાલા, અહનિશિ પાપ દહું. જિ૦ ૨
મેરે મનકી સબ તુમ જાનો, ક્યા મુખ બહોત કહું;
કહે યશવિજય ઐસેં કરો સાહિબ, જ્યું ભવ દુઃખ ના લહું. જિ૦ ૩

૧ પ્રભુજી ! હું હવે આપના ચરણનું શરણ ગ્રહું છું, હૃદયકમળમાં આપનું ધ્યાન ધરૂં છું, અને આપની આજ્ઞાને મસ્તકે ચઢાવું છું-પ્રમાણ કરૂં છું.

૨ આપની જેવો સર્વગુણસંપન્ન દેવ જગતમાં શોધતાં કયાંય હાથ આવ્યો નહિ. હું આપનાજ ગુણની જપમાળા ગણુંછું. અને સદાય મ્હારા પાપનો નાશ કરૂંછું.

૩ આપ મ્હારા મનની બધી ગુહ્ય વાત જાણો છો. હું આપને વધારે શું કહું ? શ્રીમાન્ યશોવિજયજી મહારાજ કહે છે કે હે પ્રભુ ! આપ મ્હારા ઉપર કૃપા કરીને એવું કરો કે મ્હારે હવે પછી જન્મ મરણ કરવા ન પડે., ઇતિશમ.

# ज्ञानसार सूत्र विवरणम्.

## लोकसंज्ञात्यागाष्टकम् ॥ २३ ॥

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

જ્યારે દઢ વૈરાગ્ય વાસનાવડે ભયરહિત સંયમ માર્ગનું આરાધન કરવા મુનિજનો સમર્થ થઇ શકે છે ત્યારે તેમને લોકસંજ્ઞા આડે આવી શકતી નથી. પણ વૈરાગ્યશૂન્ય અથવા મંદ વૈરાગ્યવાળાને તો તે નડ્યાજ કરે છે. તેથી શાસ્ત્રકાર તે લોકસંજ્ઞાનું સ્વરૂપ કહે છેઃ—

प्राप्तः षष्ठगुणस्थानं, भवदुर्गाद्रिलंघनम् ॥
लोकसंज्ञारतो न स्याद्, मुनिर्लोकोत्तरस्थितिः ॥ १ ॥

**ભાવાર્થ**—સંસારરૂપી વિષમ ઘાટીનો પાર પમાડનાર પ્રમત્ત ગુણસ્થાનક જેમને પ્રાપ્ત થયું છે એવા લોકોત્તર ( અલૌકિક ) સ્થિતિવાળા મુનિજનો લોકસંજ્ઞાનો ત્યાગજ કરે છે. વિષય કષાયને વિવશ થઇ જેમ દુનિયા દોરાય છે તેમ શ્રેષ્ઠ મર્યાદશીલ[1] મુનિજનો લોકપ્રવાહમાં દોરાઇ-ખેંચાઇ જતા નથી. તેઓ તો નિજ સ્વભાવમાં સ્થિત છતા સંયમ-આચરણમાં સદાય સાવધાન થઇ રહે છે. પરભાવમાં પેસારો કરી પોતાનું બગાડતા નથી. ૧

यथा चिंतामणिं दत्ते, बठरो बदरीफलैः ॥
हाहा जहाति सद्धर्मं, तथैव जनरंजनैः ॥ २ ॥

૧ સંયમ મર્યાદામાં વર્તનારા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—જેમ કોઇ મૂર્ખ માણસ નજીવાં બોરડીનાં ફલ લઇ તેના બદલામાં ચિંતામણિ રત્ન આપી દે, તેમ મૂઢ માણસ લોકરંજન માટે શ્રેષ્ઠ ધર્મને હારી જાય છે. જેને સત્ય ધર્મની કદરજ નથી તે બાપડાથી ચિંતામણિ રત્ન જેવો અમૂલ્ય ધર્મ સાચવી શકાતો નથી, જેને લઇને લોકરંજન માટે તે શ્રેષ્ઠ લાભને ચુકી જાય છે, પણ પાછળથી તેને પોતાની મૂર્ખાઇને લીધે બહુ દુઃખ સહન કરવું પડે છે. ૨

लोकसंज्ञामहानद्या–मनुश्रोतोऽनुगा न के ॥
प्रतिश्रोतोऽनुगस्त्वेको, राजहंसो महामुनिः ॥ ३ ॥

**ભાવાર્થ**—લોકસંજ્ઞા એ એક મોટી નદીના પ્રબલ પ્રવાહ જેવી છે. તેમાં પડેલા કોણ કોણ તણાઇ ગયા નથી? તેને તરીને પાર જવાને સમર્થ તો કેવલ સામે પૂરે ચાલનારા રાજહંસ સમાન મહામુનિરાજજ છે. ઉક્ત લોકસંજ્ઞાનો સર્વથા ત્યાગ કરવા જે અનુકૂલ પ્રયત્ન સેવે છે તેજ મુનિરાજ તેને પાર પામી શકે છે. બાકીના તો લોકપ્રવાહમાંજ તણાયા જાય છે. લોકપ્રવાહમાં તણાતા પુરુષાર્થહીનને તારવા કોઇ સમર્થ થતું નથી. જો જનરંજન કરવાની ટેવ તજી કેવલ સ્વપર કલ્યાણાર્થેજ સંયમમાર્ગનું સારી રીતે સેવન કરવામાં આવે તો પ્રબલ પુરૂષાર્થ યોગે જરૂર તે લોકસંજ્ઞાનો જય કરી શકાય એમ છે. એવા આત્મવીર્યથી તેનો સર્વથા જય કરી સર્વોત્તમ સંયમને આરાધી પૂર્વે અનંતા આત્માઓ અક્ષય સુખને સાધી શકયા છે, અને આગળ પણ સાધી શકશે. ૩

लोकमालंब्य कर्तव्यं, कृतं बहुभिरेव चेत ॥
तथा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात्कदाचन ॥ ४ ॥

**ભાવાર્થ**—જો સર્વ કોઇ કરે તેજ કરવું ઠીક છે એમ માનીએ તો કદાપિ પણ મિથ્યાત્વનો ત્યાગ કરી શકાશે નહિં. જ્યારે સત્ય માર્ગનું શોધન કરી તેનોજ સ્વીકાર કરશું ત્યારેજ આપણે સત્ય–સાચા તાત્વિક સુખને પામી શકશું. તે વિના તો જેમ ધુમાડાના બાચકા ભરતાં કંઇ હીરો હાથમાં આવે નહિં તેમ સત્ય માર્ગને તજી સ્વચ્છંદપણે ચાલતાં ખરૂં સુખ મળી શકે નહિં. એવા સત્યમાર્ગને શોધી ચાલનારા વિરલાજ હોય છે, એમ શાસ્ત્રકાર દૃષ્ટાંત સહિત દર્શાવે છે. ૪

श्रेयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे च न ॥
स्तोका हि रत्नवणिजः स्तोकाश्च स्वात्मसाधकाः ॥ ५ ॥

**ભાવાર્થ**—શ્રેયના અર્થી જીવો લૌકિક કે લોકોત્તર માર્ગમાં થોડાજ દીસે છે. જેમ રત્નના વ્યાપારી થોડા હોય છે તેમ આત્મસાધક જીવો પણ થોડાજ હોય છે. જેમ રત્નની ખાણ મળવી દુર્લભ હોય છે તેમ કલ્યાણાર્થી પ્રાણીની બુદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવવી દુર્લભ હોય છે. ખરૂં આત્માર્થીપણું આવવાથીજ જીવનું કલ્યાણ થાય છે. તે વિના સત્યમાર્ગને શોધી તેને દૃઢપણે અવલંબવોજ કઠણ પડે છે તો પછી કલ્યાણસિદ્ધિની તો વાતજ શી? ૫

लोकसंज्ञाहता हंत, नीचैर्गमनदर्शनैः ॥
शंसयन्ति स्वसत्यांग–मर्मघातमहाव्यथां ॥ ६ ॥

ભાવાર્થ—લોકસંજ્ઞાથી પરાભવ પામેલા પ્રાણી સ્વશ્રેયથી ચુકે છેજ તેમ છતાં લોકદેખાવો કરવા જે તેઓ નીચા વળીને ચાલે છે તે એમ જણાવે છે કે તેમના સત્ય (સંયમ) અંગમાં મર્મઘાત થયેલો છે તેની તેને મહાવ્યથા થાય છે, તેથીજ તે બાપડાઓ વાંકા વળીને ચાલતા લાગે છે. લોકસંજ્ઞાનો ગ્રંથકારે આમાં આલેખ કર્યો છે. એવી લોકસંજ્ઞા તજી આત્માર્થીપણેજ સદ્ધર્મનું સેવન કરનાર સ્વશ્રેય (કલ્યાણ) સાધી શકે છે એમ શાસ્ત્રકાર દૃષ્ટાંત દઈ હવે દૃઢ કરે છે. ૬

आत्मसाक्षिकसद्धर्म–सिद्धौ किं लोकयात्रया ॥
तत्र प्रसन्नचंद्रश्च, भरतश्च निदर्शने ॥ ७ ॥

ભાવાર્થ—શ્રેષ્ઠ ધર્મની સિદ્ધિ આત્મ–સાક્ષિક છતાં લોકદેખાવો કરવાનું પ્રયોજન શું? મનથી જીવ કર્મ બાંધે છે અને મનથીજ છોડી શકે છે, તો પછી લોકદેખાવો કરવાથી શું વળે એમ છે? જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિને તથા ભરત મહારાજાને આત્મનિષ્ઠ થતાંજ સ્વાત્મ સ્વરૂપ સાક્ષાત્ અનુભવાયું તેમ આપણને પણ થઇ શકે, એમ સમ્યગ્ વિચારી સ્વકલ્યાણના અર્થી જીવોએ લોકદેખાવો કરવાની બુદ્ધિ તજી દેવી અને સ્વરૂપનિષ્ઠ થવા બનતો પ્રયત્ન કર્યા કરવો. હવે લોકસંજ્ઞા રહિત–જીતેન્દ્રિય એવા નિસ્પૃહ સાધુ એવી ઉત્તમ સ્થિતિ અનુભવે છે તે ગ્રંથકાર બતાવે છે. ૭

लोकसंज्ञोज्झितः साधुः, परब्रह्मसमाधिमान् ॥
सुखभास्ते गतद्रोह–ममतामत्सरज्वरः ॥ ८ ॥

ભાવાર્થ—લોકસંજ્ઞા રહિત સાધુ પરદ્રોહ, મમતા, અને મત્સર દોષથી મુક્ત હોવાથી સહજ સમાધિમાં મસ્ત થઇ રહે છે. જે મહાશય મુમુક્ષુએ લોકસંજ્ઞા તજી દીધી છે તેને ઉક્ત દોષોનું સેવન કરવું પડતુંજ નથી. તેથી તે શુદ્ધ સંયમને સાધતાં સ્વાભાવિક સુખમાં મગ્ન થઈ રહે છે. પરઉપાધિ રહિત હોવાથીજ નિર્ગ્રંથ મુનિ ઉત્તમ નિવૃત્તિ ધારી સહજ સમાધિ સુખને પામી શકે છે. પણ પરઉપાધિ ગ્રસ્ત હોય એવો કોઇપણ તેવું સ્વાભાવિક સુખ સ્વપ્નામાં પણ પામી શકતો નથી. એટલાજ માટે મોક્ષ સુખના અર્થી (મુમુક્ષુ) જનોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકસંજ્ઞાનો જરૂર ત્યાગ કરવો જોઇએ. અન્યથા જપ તપ સંયમ સંબંધી સકલ ધર્મ કરણી કેવળ કષ્ટરૂપ થઇ પડશે. પણ ઉક્ત સર્વ ધર્મ કરણી જો વિવેકથી આત્મકલ્યાણ અર્થેજ કરવામાં આવશે તો તે સઘળી લેખે થશે. માટેજ કેવળ ગતાનુગતિકતા તજી વસ્તુ-સ્વરૂપ યથાર્થ સમજીનેજ આત્મ સાધન કરવું હિતકારી છે. ૮ ઇતિશમ્.

**વિવેચન**—આ અષ્ટકનો અર્થ લેખકે સારા વિસ્તારથી લખેલો હોવાથી તેના પર વિશેષ વિવેચનની આવશ્યકતા નથી; તોપણ આ અષ્ટક માંહેનો વિષય ભવ્ય જનોના હૃદયપર ખાસ અસર કરવા લાયક હોવાથી કાંઇક વિવેચન લખવું યોગ્ય ધાર્યું છે.

અનેક પ્રાણીઓ અનેક પ્રકારના ધર્મોનું પૃથક્ પૃથક્ રીતે યથાશક્તિ આરાધન કરે છે. તેમાં મોટો ભાગ તો અજ્ઞાન હોય છે કે જેઓ પોતે જે જે પ્રકારની ધર્મકરણી કરે છે તેની શુદ્ધ વિધિને કે તેના રહસ્યને બીલકુલ સમજતા નથી, માત્ર ગતાનુગતિકજ કરે છે. તેમને માટે અહીં કાંઇ કહેવાની આવશ્યકતા નથી, પરંતુ જેઓ પોતે જે જે ધર્મકરણી કરે છે તેના વાસ્તવિક પરિપૂર્ણ ફળને જાણે છે, શુદ્ધ પ્રકારે ધર્મકરણી કરી શકે છે, તેના રહસ્યને સમજે છે, તેઓ જ્યારે લોકસંજ્ઞામાં ખેંચાઇ જઇ આત્મરંજનને બદલે લોકરંજનાર્થે ક્રિયા કરે અને તેમનું ચિત્ત લોકપ્રશંસા મેળવવામાં દોરવાઇ જાય ત્યારે જ્ઞાની જનોને અત્યંત ખેદ થાય છે. એવા સુજ્ઞ ગણાતા અને ધર્મક્રિયા કરનારા ભવ્ય જીવોને માટે આ અષ્ટકમાં ખાસ ઉપદેશ આપવામાં આવ્યો છે. સારા સારા સુજ્ઞો પણ લોકમાં પોતાની પ્રશંસા થતી સાંભળી, વધારે વધારે પ્રશંસા કેમ થાય તેના અભિલાષી બની, આત્મરંજનને ભૂલી જઇ, લોકરંજન તરફ ઢળી જાય છે; તે વખતે '**જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ**' આ શબ્દોને તદન ભૂલી જાય છે. તેઓને નિદ્રામાંથી જાગ્રત કરવા માટે આ અષ્ટક પ્રબળ ઉપાયભૂત છે. તેના પ્રારંભમાં અષ્ટકકાર મહાત્મા કહે છે કે—

'ભવદુર્ગનું ઉલ્લંઘન કરવામાં સમર્થ એવું છઠ્ઠું ગુણઠાણું પામીને લોકોત્તર સ્થિતિવાળા મુનિ લોકસંજ્ઞામાં રક્ત થતા નથી.' આ વાત ખરેખરી છે. પરંતુ છઠ્ઠું સાતમું ગુણઠાણું ફરસ્યું હોતું નથી અથવા તે ભાવ બન્યો બન્યો રહેતો નથી ત્યારે મૂલ થઈ જાય છે તેને માટે બીજા શ્લોકમાં કર્ત્તા કહે છે કે—

'જેમ કોઇ મૂર્ખ ખોરના બદલામાં ચિંતામણિ રત્ન આપી દેય તેમ પ્રાણી જનરંજનને માટે સદ્ધર્મને હારી જાય છે—છોડી દે છે.' કર્ત્તા પણ આ સંબંધમાં **હાહા** શબ્દવડે પોતાનો ખેદ પ્રદર્શિત કરે છે. આ કાવ્યમાં આપેલ દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે. જનરંજનને માટે કરાતા સદ્ધર્મને અથવા લોકરંજનમાં તણાઈ જઈને હારી જવાતા સદ્ધર્મને માટે મૂર્ખ ખોરના બદલામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ પ્રકારના વાંછિતને આપનાર ચિંતામણિ રત્ન આપી હોય તેની ઉપમા આપી છે. આત્મરંજન માટે કરાતો સદ્ધર્મ ચિંતામણિ રત્ન જેવો છે અને જનરંજન માટે કરાતો ધર્મ બોર જેવો છે. હવે આ બંનેની તરતમતા વિચારો ને પછી જે ઠીક લાગે તે ગ્રહણ કરો. ૧—૨

આગળ ચાલતાં કર્ત્તા કહે છે કે–'આ લોકસંજ્ઞારૂપ મહાનદીના પ્રવાહમાં કોણ કોણ તણાયા નથી? પ્રાયે ઘણા તણાયા છે; માત્ર તેને સામે પૂરે ચાલનારા–તેના પ્રવાહમાં નહીં તણાનારા રાજહંસ જેવા મહામુનિઓજ છે. તે તેમાં તણાતા નથી.' બીજા જનો તો સહજ સહજમાં પોતાની સાધ્ય દૃષ્ટિ ચૂકી જાય છે. આ સંબંધમાં કેટલાક અજ્ઞાનીઓ એમ કહે છે કે–' ભાઇ! લોકને અવલંબીને જે કરીએ તે ઠીક ગણાય, તેની સામા ન પડાય.' વળી 'જેમ ઘણા કરતા હોય તેમ કરીએ' એમ પણ કહે છે. આ વાક્ય રચનાનો નિરાસ કરતા સતા ચોથા શ્લોકના ઉત્તરાર્ધમાં કર્ત્તા કહે છે કે:–

'જો લોક કરે તે કરશો તો મિથ્યા દૃષ્ટિનો ધર્મ કદિ પણ તજી શકાશેજ નહીં.' કેમકે અનેક જીવો તો મિથ્યા દૃષ્ટિજ હોય છે, સમકિતી તો અલ્પ હોય છે એટલે ઘણાનો માર્ગ તો મિથ્યા માર્ગ હોય છે. વળી લોકમાં બહોળો સમુદાય તો અજ્ઞાન અને મિથ્યા માર્ગે ચાલનારોજ હોય છે. આ જીવ અનાદિ કાળથી તે પ્રમાણે ચાલતો આવ્યો છે. અને ભવમાં ભટકતો આવ્યો છે. તે રસ્તે તો સિદ્ધિ થવાની નથી; માટે ઘણા ચાલે તે રસ્તે ચાલવાની વાત ધર્મના સંબંધમાં છોડી દઇ, મહાજન–ઉત્તમ પુરૂષ જે માર્ગે ચાલ્યા ને ચાલે છે તે માર્ગે ચાલવું કે જેથી આત્માનું કલ્યાણ થાય; તે સિવાય આત્મકલ્યાણ થવાનું નથી. ૩–૪

જો આ પ્રમાણે છે તો પછી તેવા ઉત્તમ જનોને માર્ગે લોકો શા માટે નહીં ચાલતા હોય અને સ્વછંદે ચાલી સંસારમાં પરિભ્રમણ શામાટે કરતાં હશે? તેના ઉત્તરમાં કર્ત્તા કહે છે કે:—

"આ જગતમાં લૌકિકમાં કે લોકોત્તરમાં શ્રેયના અર્થી ઘણા હોતા નથી. જુઓ રત્નના વ્યાપારી થોડાકજ હોય છે. તે પ્રમાણે આત્મહિતના સાધક પણ થોડા (અલ્પ) જ હોય છે." આ શ્લોકમાં લૌકિક ને લોકોત્તર બંનેમાં શ્રેયના અર્થી થોડા હોય છે. એમ કહ્યું છે, તેનો તાત્પર્ય એ સમજવો કે–વગર પ્રયાસે મળતું હોય તો ખુશીથી મળી જાઓ. એવી રીતે શ્રેયના–કલ્યાણના–લાભના અર્થી તો ઘણા હોય છે; પરંતુ લૌકિકમાં શુદ્ધ નીતિને માર્ગે ચાલી ગમે તેવા કષ્ટમાં પણ નીતિ માર્ગને તજ્યા સિવાય શ્રેયને–લાભને મેળવનારા બહુ અલ્પ હોય છે. ઘણા તો કાઇ પ્રાપ્ત થયે–સંકટ પડ્યે નીતિને જળાંજળી આપી દે છે. તેજ પ્રમાણે લોકોત્તર માર્ગમાં–પરમાર્થમાં ઉત્તમ જનોએ બતાવેલા માર્ગે ચાલતાં ગમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવું કષ્ટ પ્રાપ્ત થાય તોપણ પોતાના ધર્મને નહીં તજનારા-શ્રદ્ધામાં કે વ્રત નિયમાદિમાં દૂષણ નહીં લગાડનારા બહુ સ્વલ્પ પ્રાણીઓજ હોય છે. સંકટ પડ્યે ધર્મને તજી દેનારા, તેમાં દૂષણ લગાડનારા ઘણા હોય છે; તેથી લૌકિક ને લોકોત્તર બંનેમાં શ્રેયના અર્થી અલ્પ હોય છે એમ કહ્યું છે. ૫

'લોકસંજ્ઞાથી હણાયેલા મનુષ્યો નીચા નમીને ચાલતાં જે પોતાની અધોગમન સ્થિતિ બતાવે છે તે તેના પોતાના સત્ય રૂપ અંગમાં થયેલ મર્મઘાતની મહા વ્યથા સૂચવે છે.' આવા ભાવવાળો છઠ્ઠો શ્લોક અલંકારિક ભાષામાં લોકસંજ્ઞામાં લીન થઇ ગયેલા ધર્મી કહેવાતા જનોનું ચિત્ર આબેબી બતાવે છે. તે ખાસ ધ્યાનમાં લેવા લાયક છે. ૬

છેવટના બે શ્લોકમાં કર્ત્તા આ અષ્ટકના રહસ્ય તરીકે કહે છે કે-" આત્મસાક્ષિક સદ્ધર્મની સિદ્ધિમાં લોકયાત્રાનું-લોક રંજનતાનું જરૂર શું છે? જુઓ, પ્રસન્નચંદ્ર રાજર્ષિ દુર્મુખ દૂતના બોલવાથી લોકમાંબાળ કુંવરને રાજ્ય આપવાથી તેનું સારૂં બોલાતું નથી એમ સમજ્યા અને તેવાતના પ્રવાહમાં વહ્યા તો સાતમી નરકના દળ મેળવ્યા. અને જ્યારે તેમાંથી પાછા ઓસર્યા ત્યારે મોક્ષ સંપત્તિના ભોક્તા બન્યા. તેવીજ રીતે ભરત ચક્રવર્તી પણ લોકસંજ્ઞામાં ન લેવાતાં આત્મહિતમાં તત્પર થયા કે તરત એક સપાટે તેણે કાર્ય સિદ્ધ કર્યું." તેથી "જે મુનિ પરબ્રહ્મ સમાધિમાં લીન થયા સતા લોકસંજ્ઞાને તજી દે છે તે દ્રોહ, મમતા ને મત્સર રૂપ જ્વરનો વિનાશ કરીને એકાંત સુખના ભોક્તા બને છે." આ પરમાર્થ સર્વ ભવ્ય જીવોએ હૃદયમાં ધારણ કરી રાખવા લાયક છે. ૭-૮

વર્ત્તમાન કાળની પરિસ્થિતિ તપાસતાં લોકરંજનનું કામ વધી પડયું છે. લોકરંજનમાં દોરાવાને લીધે શુદ્ધ ધર્મારાધનમાંથી પાછા હઠી, એકાંત હિત કરે તેવા ધર્મ કાર્યને તજી દઇ, લોકમાં નામના કરવા-લોકમાં સારા કહેવરાવવા હજારો રૂપીઆનો ખર્ચ કરવામાં આવે છે. વખતનો ને બુદ્ધિનો ભોગ આપવામાં આવે છે. છતાં તેમાં કેટલીક વખત તો લાભને બદલે ઉલટો ત્રોટો મેળવાય છે. આ સંબંધમાં ખાસ વિચાર કરવાની અગત્ય છે. પોતે જે કાર્ય ધર્મ સંબંધી માનીને કરે છે.તેમાં વાસ્તવિક ધર્મ થાય છે કે નહીં? તે ચિંતવવું અને ધર્મ સંબંધી જે કાર્ય પોતે કરે તે લોકરંજન માટે કરે છે કે આત્મરંજન માટે કરે છે? તેનો પોતાના આત્માની સાક્ષીએ વિચાર કરવો. જો એ પ્રમાણે વિચાર કરવામાં આવશે તો વિચક્ષણ પુરૂષના હૃદયમાં તરતજ સત્ય તરી આવશે અને મિથ્યા મોહમાંથી-લોકમાં વાહવાહ કહેવરાવવાના વિચારમાંથી અલગ થઈ જઈ આત્મહિત થાય તેવા ખરેખરા લાભદાયક કાર્યમાંજ પ્રવૃત્તિ થશે. આશા છે કે આ અષ્ટક લક્ષપૂર્વક વાંચી તેને સફળ કરવા ઉત્તમ જનો ઉદ્યુક્ત થશે. તથાસ્તુ. **તંત્રી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विश्ववंद्य थवाने लायक केम बनाय ?

'લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર.'
'નમે તે પ્રભુને ગમે.'

"वदनं प्रसाद सदनं, सदयं हृदयं सुधामधुरवाच्वः;
करणं परोपकरणं, येषां केषां न ते वंद्याः"

**ભાવાર્થ**—જેમનું મુખ સદા સુપ્રસન્ન-આનંદિત રહે છે, હૃદય દયાર્દ્ર-દયા દાનથી સદા ભીનું રહે છે, વાણી અમૃત જેવી મીઠી અને શીતળ હોય છે, તેમજ જેમની કાયા પરોપકારનાં કામ કરવામાં સદાય તત્પર રહે છે અર્થાત્ જેમનાં મન, વચન અને કાયા સદાય પવિત્રપણે વર્તી સ્વપર ઉપકાર સાધે છે તે ભાગ્યવંત જનો કોને વંદનીય ન થાય? પોતાનાં પુન્યભર્યાં પવિત્ર કાર્યોવડે તેઓ અવશ્ય વિશ્વવંદ્ય બની શકે છે.

"નમે છે આંબા આંબલી, નમે છે દાડમ દ્રાક્ષ;
એરંડ બીચારો શું નમે? જેની ઓછી શાખ."

**ભાવાર્થ**—ઉંચી જાતનાં વૃક્ષો જ્યારે ફળથી સભર થાય છે ત્યારે વિશેષ નમી પડે છે, પરંતુ હલકી જાતનાં એરંડા જેવાં વૃક્ષો નમતાં નથી. એ દૃષ્ટાંત ઉત્તમ અને અધમ, સદ્‌ગુણી અને નિર્ગુણી, વિદ્વાન્ અને મૂર્ખ, સજ્જન અને દુર્જનને સારી રીતે લાગુ પડે છે. ઉત્તમ-સદ્‌ગુણી જનો સદાય નમ્રતા ધારે છે પણ નીચ-નિર્ગુણી જનો તો સદાય અક્કડબાજ રહી, અહંકારજ આદરે છે-નમતાજ નથી

"नमन्ति सफला वृक्षा, नमन्ति सज्जना जनाः
मूर्खाश्च शुष्क काष्ठं च, न नमन्ति कदाचन."

**ભાવાર્થ**—ફળોથી સભર થયેલાં ઉત્તમ વૃક્ષો નમી પડે છે તેમજ પુન્યવંત-સત્પુરૂષ સદાય નમ્રતા ધારણ કરે છે. પરંતુ જે મૂર્ખ-અજ્ઞાન-અવિવેકી હોય છે તેઓ તો સૂકાં લાકડાંની પેરે કદાપિ નમતાંજ નથી. તેઓ તો સદાય અક્કડને અક્કડજ રહે છે-રહેવું પસંદ કરે છે. અર્થાત્ સુકા લાકડા જેવા મૂર્ખજનો અહંપદ ધારણ કરી અક્કડબાજ રહે છે ત્યારે ફળ્યા ફૂલેલા ઉત્તમ વૃક્ષો જેવા સજ્જનો ઉત્તમ ગુણોને લીધે સ્વ કર્તવ્ય સમજીને સદાય નમ્રતાજ ધારણ કરે છે. ઇતિશમ્

મુ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# क्षमापणा अथवा खामणां.

" ખમીએ ને ખમાવીએ સાહેલડી રે, એ જિન શાસન રીત તો. "

એ અર્થગર્ભિત ઉપદેશ સર્વ શાસ્ત્ર શિરોમણિભૂત શ્રીકલ્પસૂત્ર પ્રમુખમાં સર્વ તીર્થંકરોએ તેમજ ગણધર મહારાજાએ કરેલો છે.

ક્ષમાગુણ પ્રધાન-ક્ષમાશ્રમણો જગતને ઉપદેશ આપે છે, કે-જેઓ યથાર્થ **ક્ષમા** (Tolerance) ગુણનું સેવન કરે છે તેઓજ **દયાધર્મ** (Noninjury) નું ખરી રીતે પાલન કરે છે-કરી શકે છે. દયાધર્મ સર્વોપરી ધર્મ છે અને તેનું યથાર્થ સેવન-આરાધન કરવા માટે ક્ષમા ગુણ આદરવાની અતિ આવશ્યકતા જણાવી છે. ક્ષમા ગુણ નમ્રતા રાખવાથી આવે છે તેથી નમ્રતા અથવા વિનય ગુણ ધારણ કરવાની પણ ખાસ જરૂર છે. ખરી સરલતાનું સેવન કરનારાજ યથાર્થ નમ્રતા આદરે છે. તે વગરની નમ્રતા ઉપલા દેખાવરૂપજ હોય છે. મુખ્યતાથી વડીલ બંધુને લઘુ બંધુએ નમ્રપણે વર્તીને ખમાવવા ઉચિત છે એવા જ્ઞાની મહારાજના હિત વચનને અવલંબી સહુ કોઇ લઘુબંધુએ અતિ નમ્રભાવે સરલતા રાખીને સર્વ વડીલ બંધુઓને ખામણાં કરવા ઉચિત છે. પણ કવચિત્ લઘુબંધુ, વયની અપરિપકવતાદિક કારણથી, ઉચ્છૃંખલતાને લીધે વડીલ બંધુ પ્રત્યે નમ્રતા દાખવી શકે નહિ ત્યારે વીતરાગ શાસનમાં રૂચિવંત એવા વડીલ બંધુ પોતે લઘુબંધુને નમ્રપણે ખમાવે છે, જેથી લઘુ બંધુ પણ લજ્જાદિક ગુણને લઇ સહેજે અનુકૂળ થઇ જઇ વડીલ બંધુને અવશ્ય ખમાવે છે. આ રીતે આપણી ઓછી સમજને લઇ જે કંઇ પ્રતિકૂળતા ઉભી થઇ હોય તે જ્ઞાનીનાં હિત વચનને લક્ષમાં રાખી અરસપરસ નમ્રતા દાખવી દૂર કરવી જોઇએ. 'ખમવું અને ખમાવવું' એ ઉત્તમ નીતિ સરલતાથી આદરનારા સુજ્ઞ ભાઇ બ્હેનો સ્વપર ઉભયનું હિત કરી શકે છે, ભવભવના વૈર-વિરોધ શમાવે છે અને ધર્મરાગ દ્રઢ કરીને સદ્દગતિને સાધે છે. 'उवसमसारं खु सामण्णं' એ આગમ વચનથી સિદ્ધ થાય છે કે શ્રમણપણું-સાધુપણું ખરેખર ક્ષમા ઉપશમ ગુણ (સમતા ગુણ)ની પ્રધાનતાવાળું જ વખાણેલું છે. સમતા ગુણ વગર સાધુપણાનો ખરો રસાસ્વાદ મળી શકતો નથી. સમતા રસમાં નિમગ્ન રહેવું, ગમે તેવા ઉપસર્ગ, પરીસહમાં ખેદ નહિ કરવો પરંતુ સમભાવે તે સર્વે સહન કરવા-દ્રઢતા રાખવી એ જ સાધુપણાની ખરેખરી શોભા છે. એ શોભા કોઇ રીતે લોપાય નહિ, પણ તેમાં ઓર વધારો થયા કરે એવી ઉત્તમ નીતિ રીતિ અખત્યાર કરવી એ મુનિજનોનું પરમ કર્તવ્ય છે. તેનું એક ક્ષણ પણ વિસ્મરણ થવું ન જોઇએ. સહુ આચાર્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુળ, ગણ, યાવત્ સમસ્ત શ્રમણ સંઘને તેમજ સકળ જીવરાશિને એવાજ પવિત્ર હેતુથી, ભાવ સહિત ધર્મની બુદ્ધિ રાખી અમે આ સાંવત્સરિક પર્વના શુભ સમયે ખમીએ છીએ અને ખમાવીએ છીએ. ઇતિશમ્.

મુ. ક. વિ.

# દ્યુત.

આજકાલ નાના બાળકોને પણ જુગારમાં સપડાયેલા આપણે જોઇએ છીએ. ઘણાં બાળકો કોડીએ, પાઈએ, પછી પૈસે અને આગળ વધી રૂપાનાણે રમતાં આપણી નજરે પડે છે. દ્યુત એ મહા દુર્ગુણ છે. પ્રકાશમાન નરભવરૂપ હીરાને બાળી ભસ્મીભૂત કરનાર અગ્નિ છે.

મા બાપ અને અન્ય વડિલ વર્ગનો ધર્મ પોતે એ દુર્ગુણથી વેગળા રહી બાળકોને એ દુર્વ્યસનથી દૂર રાખવાનો છે. શીક્ષક વર્ગની પણ તેમને ઉપદેશ આપી એ દ્યુતાગ્નિમાં પડતાં બચાવવાની ફરજ છે.

ઘણાં બાળકો નાના પાયાપર જુગાર રમતાં, એનો ચેપ ચોંટવાથી ધીમે ધીમે મોટા પાયાપર જુગારની અને સટ્ટાની લતમાં પડી અમૂલ્ય જીવનને અકારૂં કરી નાંખે છે. આરંભ સંગતિ અને દેખાદેખીથીજ થાય છે કારણકે સાધારણતઃ બાળકોને ગુણ દોષનો વારસો વડિલ તરફથીજ મળે છે. તેઓ તેની નકલ કરતાં શીખે છે અને તેથી બાળજીવન પ્રથમથીજ દ્યુતરૂપ ક્ષયથી સડવા માંડે છે. આ તેમના વડિલ વર્ગના વ્યસનીપણાનું કે બેદરકારીનુંજ અનિષ્ઠ પરિણામ છે. જે બાળકોના જીવન ઉપર કુટુંબની, કોમની અને દેશની ઉન્નતિનો આધાર રહેલો છે તે બાળકોને વારસામાં પોતાના દુર્ગુણ આપનાર અથવા તેમના ચારિત્ર્ય તરફ દુર્લક્ષ્ય રાખનાર વડિલો વડિલ શબ્દને યોગ્ય છે કે નહિ ? એ પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય તો તેનું નિરાકરણ વાંચકે પોતેજ કરી લેવું.

**દ્યુતથી દૂર રહી બાળકોને દૂર રાખી વડિલત્વ જાળવવા વડિલ વર્ગને યાચના.**

**ગઝલ.**

જુગારે લાભ ના માનો, નકામું કુલવું જોણો;
વિજયથી લાલચે પડવું, જીવનને ચેપથી સડવું.
ખરે મોટા તણી નાના, નકલ છે રોજ કરવાના;
સહુ એ ગુણ દોષોને, જીવનમાં બાળ ભરવાના.
ખરે ! હા ! બાળ જીવન છે, વડિલ આચાર આધારે;
હણાતું કુમળું હૈયું, ચડી જુગારને ઘાળે.
બનો હા બાળના દ્રોહી, વળી બેસો જીવન ખોઈ;

For Private And Personal Use Only

નહીં આવે પછી આરો, કહેશો આખરે રોઇ.
ધૂણાવે દ્યુતનું ભુત, બધી મરજાદ મૂકાવી;
ભૂલાવી ધર્મનું જ્ઞાન, ખરૂં દે હિત ચૂકાવી.
બધા દુર્ગુણની સત્તા, હૃદયમાંહી જમાવીને;
હરી લે સત્વ તન મનનું, બધું લોહી ચૂસાવીને.
યુધિષ્ઠિર નળ તણી વાતો, પુનઃ પુનઃ પુકારીને;
પૂરે છે શાસ્ત્ર શાક્ષી કે, ન દે સુખ દ્યુત જુગારીને.
બનોના દ્યુતથી બંધુ! છતી આંખે તમે અંધા;
તિરસ્કારી તમે શાસ્ત્રો, કરો ના ખોટના ધંધા.

ભાવનગર
જૈન બોર્ડિંગ.

શાહ. પોપટલાલ પુંજાભાઈ

# जैनीझम.[1] ( जैनधर्म )

મને જૈનધર્મ ઉપર એક ભાષણ આપવાનું વારંવાર કહેવામાં આવે છે. આ બાબતનો મારા ઘણા વખતના અભ્યાસથી અને હિંદુસ્તાનમાં પૃથક્ પૃથક્ સ્થળે હાલમાં કરેલી ચાલુ મુસાફરીથી મને અનુભવ થયો છે. જૈનધર્મની ખરેખરી સ્થિતિ-મહત્વતા અમો હમણાજ બરોબર સમજતા થયા છીએ. પહેલાં તે બુદ્ધધર્મની એક શાખા હોય તેમજ સમજાતું હતું, કારણકે તે વખતે બુદ્ધધર્મ પાશ્ચિમાત્ય અભ્યાસીઓને ઘણો સારી રીતે જણાએલો હતો, અને વળી તેના મૂળ ઉત્પત્તિના સ્થાનરૂપ હિંદુસ્તાનની બહાર પણ એશીઆની ઘણી પ્રજાથી તે ધર્મ અનુસરાતો હોવાથી તેને મળતા બીજા ધર્મો તેની શાખાજ હશે તેમ માનવાનું કારણ મળતું હતું. બીજા ધર્મો પૈકી જૈનધર્મને પણ તેની શાખ રૂપજ ગણવામાં આવતો હતો. બુદ્ધધર્મની જેમ જૈનધર્મ પણ મૂળથીજ મુખ્યત્વે કરીને સાધુમાર્ગને અનુસરનારો (Monastic) ધર્મજ છે-તે ધર્મમાં મહત્વતા સાધુ અને સાધ્વીનેજ આપવામાં આવે છે, અને તેના અનુયાયી ગૃહસ્થોને બીજા નંબરમાં મુકવામાં આવે છે આ પ્રમાણે હોવાથી જીવનના બાહ્ય દેખાવમાં જૈનના અને બુદ્ધના સાધુઓ બંને સરખા હોય તેમ લાગતું હતું. વળી આ ઉપરાંત બીજું એક એવી જાતનું મળતાપણું હતું કે જેનાથી તે બંને ધર્મો એકજ ઉ-

૧ પ્રો. ડોકટર હર્મન જેકોબીએ રાજકોટમાં તા. ૨૭-માર્ચ-૧૯૧૪ ના રોજ આપેલા ભાષણનું ભાષાંતર જૈ. શ્વે. કો. હેરલ્ડ ઉપરથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્પત્તિ સ્થાનવાળા હોય તેવા અભિપ્રાયને ટેકો મળતો હતો. બુદ્ધની અને જૈનની મૂર્ત્તિઓને ઘણું મળતાપણું છે. તે બંનેમાં ઘણી જાતની સરખાઇ છે. બંને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલી હોય છે, અને પ્રથમના વર્ષોમાં શોધ ખોળ કરનારાઓને વિશેષ માહીતી વગર બુદ્ધની પ્રતિમા કઇ અને તીર્થંકરની પ્રતિમા કઇ તે શોધી કાઢવું મુશ્કેલ લાગતું હતું. આ પ્રમાણે સ્થિતિ હોવાથી પ્રસંગાનુસાર સર્વેને એકજ કલ્પના થઇ કે જૈનધર્મ બુદ્ધધર્મની શાખાજ છે, અને તે પછવાડેથી તેમાંથી છુટો પડી ગયેલો ધર્મ છે. કારણકે જૈનોના ધાર્મિક નિયમોમાં જે કાંઈ ફેરફાર જણાતા તે ફક્ત સામાન્ય ફેરફાર લાગતા અને મૂળ બુદ્ધધર્મમાં અને તેની બીજી જુદી શાખાઓમાં દેખાતા ફેરફારો કરતાં તે કાંઇ વિશેષ લાગતા નહોતા. અથવા તો તે ફેરફાર નામ માત્રનાજ લાગતા હતા. આ ઉપરચોટીયા સિદ્ધાંતના પાયા ઉપર અન્ય અભ્યાસીઓએ નવો સિદ્ધાંત ઉપજાવ્યો, અને જૈનધર્મને સ્પષ્ટતાથી દર્શાવનારા સાધનોના અભાવે તે વિદ્યાર્થીઓએ જૈનધર્મને બુદ્ધધર્મની શાખા ગણવાની હિંમત ચલાવી.

પણ ઇ. સ. ૧૯૬૦ થી ૧૯૭૦ ની સાલ દરમીઆન એક મોટો ફેરફાર કરવામાં આવ્યો. તે અરસામાં ગુજરાતના કેળવણીખાતાના ઇનસ્પેકટર ડો૦ બુલર જૈનધર્મના કેટલાક પવિત્ર ગ્રંથો એકઠા કરવામાં ફતેહમંદ નીવડ્યા, કે જે ગ્રંથો દખણ કોલેજની લાઇબ્રેરીમાં અને કેટલાક ઇંગ્લાંડમાં અને યુરોપમાં અન્ય સ્થળે રાખવામાં આવ્યા છે. હું પોતે પણ મારા મિત્ર ડો. બુલરની સહાયથીજ મુખ્ય અંગો અને ઉપાંગોની પ્રતો મેળવવા ભાગ્યશાળી થયો છું. તે વખતે બુદ્ધ ધર્મના ગ્રંથોની તપાસ પણ ઘણી ખંતથી આગળ ચલાવવામાં આવતી હતી અને તેમાં ઘણો વધારો થયો હતો. આ અગ્રીના સમયે જૈનધર્મ સંબંધીનો મારો અભ્યાસ શરૂ કરવા હું પણ ભાગ્યશાળી નીવડ્યો. મારા અભ્યાસથી તરતજ જુની થીયરી-જૈનધર્મ બુદ્ધધર્મની શાખા છે તે જુના સિદ્ધાંતને મેં ધિક્કારી કાઢયો અને મને દ્રઢ ખાત્રી થઇ કે **જૈનધર્મ બુદ્ધધર્મથી તદ્દન જુદોજ ધર્મ છે.** જૈન ગ્રંથોમાં બુદ્ધના સમકાલીન જે કેટલાક નામો, મગધના રાજાઓ અને તે વખતના કેટલાક ધાર્મિક અગ્રણીના નામો બુદ્ધ ધર્મના ગ્રંથોમાં આવે છે તેવાજ જૈનોના ચોવીશમા તીર્થંકર મહાવીરના વખતમાં તેજ નામો જૈન ગ્રંથોમાં પણ મને જણાયા. અને બુદ્ધના ગ્રંથોમાં **નિગ્રંથ જ્ઞાતપુત્ર**ના નામથી મહાવીરનું નામનિરૂપણ પણ મેં વાંચ્યું. જ્ઞાતપુત્ર તે મહાવીરનુંજ નામ છે, કારણ કે જે ક્ષત્રીય જ્ઞાતિમાં તે જન્મ્યા હતા તેનું નામ **નાત** અગર **જ્ઞાત** હતું અને નિગ્રંથ તે જૈનોના ગ્રંથોમાં વારંવાર વપરાતુ જુનું નામ હતું. વળી બુદ્ધ ગ્રંથોમાં પુનઃ મહાવીર નિર્વાણ પામ્યા તે સ્થળનું-**પાવાપુરીનું** નામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આવે છે. આ બાબતમાં પણ તેઓ જૈન ગ્રંથને બરોબર મળતા આવે છે. જૈન ધર્મની બુદ્ધ ધર્મથી સંપૂર્ણ સ્વતંત્રતા આ પ્રમાણે સાબીત થવાથી અમે એક પગલું આગળ વધવા સમર્થ થયા. બુદ્ધલોકો વારંવાર નિગ્રંથ અથવા જૈનોને તેના હરીફ ધર્મ તરીકે તેના ગ્રંથોમાં દર્શાવે છે, પણ તેઓ આ પ્રમાણે કદી સૂચવતા નથી કે જૈન ધર્મ તે નવો નીકળેલો ધર્મ છે. ઉલટું જે રીતિથી તેઓ જૈનોને માટે બોલે છે તે તો સામું તેમજ બતાવે છે કે આ નિગ્રંથનો ધર્મ ( જૈનીઝમ ) બુદ્ધના સમય પહેલાં ઘણા વર્ષો અગાઉ સ્થાપિત થયેલો ધર્મ છે, અથવા બીજા શબ્દોમાં બોલીએ તો **જૈનધર્મ બુદ્ધ ધર્મ કરતાં ઘણો વધારે પ્રાચીન હોય તેવો સંભવ રહે છે.** આ મતને વધારે દ્રઢ કરવાના કારણોનો આપણે હવે પછી વિચાર કરશું. જ્યારે આપણે એક બાજુ બુદ્ધ ફીલોસોફીના મુખ્ય નિયમોનો બારીકીથી અભ્યાસ કરીએ, અને બીજી બાજુ જૈન ફીલોસોફીના નિયમોને પણ અવગાહીએ, ત્યારે તે બંને વચ્ચે એટલો મહદ્ અંતર ભાસે છે કે તે બંને એક મૂળમાંથી ઉત્પન્ન થયા હોય તેવો પણ વિચાર ટકી શકતો નથી. બુદ્ધ કોઇ પણ સત્તા સ્થાયી હોય તેમ માનતા નથી. તેઓ તો ફકત ચાલુ ઉત્પત્તિ માન્યા કરે છે. બુદ્ધે જે છેલ્લા શબ્દો ઉચ્ચાર્યા તે આ હતા કે “સર્વ અસ્થાયી—અધ્રુવ છે. કાંઈ પણ સ્થીર, સ્થાયી, નિશ્ચળ, ધ્રુવ નથી.” સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુની અસ્થીરતા, ક્ષણવિનાશીપણાના બુદ્ધના આ વિચારે પછીથી સર્વ વસ્તુ અધ્રુવ છે, અસ્થીર છે તેવા ક્ષણવિનાશીપણાના સિદ્ધાંતને જન્મ આપ્યો, કે જેનાથી હિંદુસ્તાનની ફીલોસોફીમાં ઘણો ફેરફાર થયો. આ સિદ્ધાંત આ પ્રમાણે છેઃ—દરેક વસ્તુ એક ક્ષણ માત્રજ જીવે છે, અને બીજી ક્ષણે તેનો વિનાશ થઇ જાય છે, અને તેની જગ્યાએ તેવીજ જાતની બીજી વસ્તુ ઉત્પન્ન થઇ જાય છે. જેને આપણે અસ્તિત્વ અને વૃદ્ધિ કહીએ છીએ તે આવી રીતે ક્ષણવિનાશી અસ્તિત્વમાંથી ઉપજેલી વસ્તુઓજ છે. પ્રત્યેક ક્ષણે ઉત્પત્તિ અને મૃત્યુ, તેવી વસ્તુની સ્થિતિમાંથી તેની વૃદ્ધિ થાય છે અને તેવું અસ્તિત્વ રહે છે. આ વિચિત્ર સિદ્ધાંતને વધારે સ્પષ્ટ રીતે સમજાવવા માટે મારે વધારે વિગતમાં ઉતરવું પડશે. તે તો ખુલ્લુંજ છે કે બુદ્ધ લોકો કોઇપણ વસ્તુનું ચાલુ અસ્તિત્વ-સ્થીરપણું, ધ્રુવપણું માનતાજ નથી, અને તેમના આ નિયમોને તેઓ અનેક તાર્કિક વિચારોથી અનુસરે છે. આ પ્રમાણે તે સિદ્ધાંતાનુસાર આત્મા અને પુદ્ગળના પણ સ્થાયી અસ્તિત્વની તેઓ ના પાડે છે. આત્માના સ્થાયી અસ્તિત્વ—સ્થીર ભાવની માન્યતા રાખનાર તેમની દૃષ્ટિમાં મોટામાં મોટા નાસ્તિક ગણાય છે. આ સર્વે બાબતોમાં જૈન લોકોની માન્યતા તેમનાથી તદ્દન અલગ જુદીજ છે. તેમના મત પ્રમાણે આત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ પુદ્ગળ સ્થીર ભાવવાળા છે અને સ્થાયી અસ્તિત્વ ધરાવનારા છે. તેમની, આ માન્યતા તેઓની ફીલોસોફીના મૂળ સિદ્ધાંત–પાયારૂપે છે. અને તેમના આ સિદ્ધાંતને વધરે વિગતથી સમજાવવા જૈનધર્મના મુખ્ય નિયમો હું તમારી પાસે દર્શાવવા પ્રયત્ન કરીશ. જૈનમતાનુસાર આ સૃષ્ટિમાં વર્તતી વસ્તુઓના બે મુખ્ય વિભાગ પાડી શકાય છે. એક જીવો (Souls) અને બીજા પુદ્ગલ (Matter). આ ઉપરાંત બીજી ત્રણ વસ્તુઓ પણ રહેલી છે, આકાશ, ગતિસહાયક ધર્માસ્તિકાય, અને સ્થીરતા સહાયક અધર્માસ્તિકાય. પણ આ ત્રણ વસ્તુ ચાલતા વિષયમાં જરૂરની નહિ હોવાથી આપણને આગળ વધવામાં તે હરકત કરશે નહિ. આ લોકમાં અસંખ્ય ( અનંત ) જીવો રહેલા છે; અને જ્યાં સુધી તેઓ સંપૂર્ણ શાંતિ–મોક્ષ મેળવતા નથી ત્યાંસુધી, ફરીથી વારંવાર તેઓ જન્મ લીધા કરે છે. બીજી બાજુએ પુદ્ગલ તે પરમાણુની બનેલી વસ્તુ છે. તેમાં પરમાણુ તો હમેશા રહેવાવાળાજ છે, પણ તે ગુણરૂપે સ્થીર રહેતા નથી. દ્રવ્યતો જેમ હોય તેમના તેમજ રહે છે, પર્યાયરૂપે તેમાં પલટન ભાવ થયા કરે છે. પુદ્ગલની સ્થિતિ સમયાનુસાર ફેર બદલ થયા કરે છે. પુદ્ગલને માટે એમ કહી શકાય કે તે એવી વસ્તુ છે કે જેમાં ફેરફાર પર્યાયરૂપે થાય છે. આપણે જે જોઇએ છીએ તે પુદ્ગલ ઘણા પરમાણુ એકઠા થયા પછી થયેલો સમુહ દેખાઇ શકે છે, પણ તે પુદ્ગલ પરમાણુરૂપે ફરી જઇને સૂક્ષ્મ સ્થિતિ પ્રાપ્ત કરે તો તે ચક્ષુગોચર પુદ્ગલ મટી જઇ અદૃશ્યરૂપ ધારણ કરે છે. હવે જે બાબત જૈનફીલોસોફી સાબીત કરવાનો પ્રયત્ન કરે છે તે તેજ છે કે આત્મા અને પુદ્ગલ–જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય આ બે મુખ્ય વસ્તુ આપણને અનુભવમાં દેખાય છે તેવી રીતે એક બીજા ઉપર કેવી રીતે અસર કરી શકે છે. એ બાબત સ્વાનુભવથી અને બહુ સૂક્ષ્મ પ્રરૂપણથી જૈનફીલોસોફીમાં સાબીત કરવામાં આવી છે. હવે તે માટે મારે વધરે વિગતમાં ઉતરવું પડશે. જ્યાંસુધી આત્મા સંપૂર્ણ શાંતિ–મોક્ષને પ્રાપ્ત કરતો નથી ત્યાંસુધી પ્રત્યેક જીવ જન્મ, મરણને અવશ્ય ધારણ કરેજ છે. આ પ્રમાણે આપણે જીવના બે ભેદ પાડવા પડશે–એક તો તે આત્માઓ કે જે સાંસારિક અસ્તિત્વ છોડી દઈ મુક્તિ પામ્યા છે–છુટા થઇ ગયા છે અને બીજા તે આત્માઓ કે જે સંસારમાં રહેલા છે, અને સાંસારિક બંધનોથી બંધાએલા છે. ( મુક્ત અને સંસારી એ, બે જીવના ભેદ પ્રત્યેક જૈનબંધુને સુવિદિતજ છે ) આ આખી દુનિયા પવિત્ર નહિ પણ થોડા અગર વધતા અંશમાં મલીન થયેલા કર્મથી લેપાએલા આત્માઓથી ભરેલી છે. આત્માની મલીનતા તેઓના કૃત્યોથી અથવા પાપોથી થાય છે, અને તે કૃત્ય અગર પાપનું નામ ખાસ કરીને કર્મ એવું આપવામાં આવે છે. હિંદુ ફીલો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોફ્રે-ધર્મવેત્તાઓ આ વિચાર ધરાવેજ છે કે જે પ્રત્યેક કાર્ય આપણે કરીએ છીએ તેની આપણા આત્મા ઉપર અસર થાય છે, આપણા આત્મા ઉપર તે અમુક પ્રકારની છાપ પાડે છે, અને જ્યાં સુધી તે કાર્ય-તે છાપનું પરિણામ ભોગવી લેવામાં આવતું નથી ત્યાં સુધી તે આત્મા ઉપર પડેલી છાપ ભુંસાતી નથી. આ આત્મા ઉપર પડેલી છાપનું નામ કર્મ છે, અને તે કાર્ય કરનાર આત્માને સુખ અગર દુઃખ આપ્યા પછી ભુંસાય છે, કે જે આત્મા તેના કર્મવડે જીંદગીની-જીવનની જુદી જુદી દિશાઓ અનુભવવા બંધાએલો છે. જૈન ફીલોસોફી કબુલ કરે છે કે સૃષ્ટિમાં બે મુખ્ય તત્વ છે. જીવ અને પુદ્ગળ. તેનાથી આ સાબીત થાય છે કે કર્મ પુદ્ગળનાં બનેલાં હોવા જોઇએ, અથવા તે પૌદ્ગલિકજ હોવાં જોઇએ; ખરેખર જૈનો આ બાબતમાં બહુ સત્ય રસ્તે દોરવાએલા છે. કર્મ તે પૌદ્ગલિકજ છે. કર્મના સિદ્ધાંત ઉપર તેમનો મત આવો છેઃ-પ્રત્યેક માણસના પોતાના કાર્યોથી તેનો આત્મા (કર્મ) પુદ્ગલથી ગ્રસ્ત થાય છે. અદૃશ્ય રૂપમાં પુદ્ગળના પરમાણુઓ આત્મામાં પ્રવેશે છે, તે અદૃશ્ય પરમાણુઓ ત્યાં મોટા પ્રમાણમાં એકઠા થાય છે. (આશ્રવ). આ કર્મોવડે રેતીથી કોથળા ભરાય તેમ આત્મા ભરાઈ જાયછે. આત્માના પરમાણુઓ (પ્રદેશો) અને કાર્મિક વર્ગણાઓ સાથે કર્મના નવા પરમાણુઓ સેળભેળ થઈ જાય છે, અને કષાયો બંધનના સાધનનું કાર્ય કરેછે. કર્મ અને આત્માનાં પરમાણુઓ ક્ષીરનીરવત્ મળી જાય છે, અને તેથી આત્મા મલીન થઇ જાયછે. કર્મ આત્માના કુદરતી ગુણોને આવરી દેછે-ઢાંકી દે છે, કે જે ગુણો સંપૂર્ણ જ્ઞાન અને દર્શન છે. તે આત્માના આ સહજ ગુણોના દેખાવ અગર વૃદ્ધિમાં અડચણ નાખે છે. આત્મિક ગુણોને કર્મ આગળ વધવા દેતા નથી. જુદી જુદી જાતના કર્મો જુદા જુદા ગુણોને રોકે છે, કારણ કે કર્મ એક પ્રકારના નથી, પણ આઠ પ્રકારનાં છે. જ્યારે કર્મના પુદ્ગળો આશ્રવરૂપે આત્મામાં પ્રવેશ કરે છે, ત્યારે તે કર્મો આઠ ભાગમાં વહેંચાઇ જાય છે. જે પ્રમાણે આપણે જે ખોરાક લઇએ તે શરીરમાં જુદા જુદા રસ રૂપે પ્રણમી જાય છે અને શરીરને પોષણ આપે છે તે પ્રમાણે આત્મામાં પ્રવેશેલા કર્મો પણ જુદા જુદા આઠ ભાગમાં વહેંચાઈ જાય છે. એક જાતના કર્મ આત્માના કુદરતી જ્ઞાન ગુણને આચ્છાદન કરે છે ( જ્ઞાનાવરણીય ), બીજી જાતના કર્મ તેના શુદ્ધ ચારિત્રને અને દર્શન-શ્રદ્ધાને રોકે છે ( મોહનીય ), જ્યારે ત્રીજી જાતના કર્મ તેની જીંદગીની કેટલીક જુદી જુદી જાતની સ્થિતિઓનો નિર્ણય કરે છે ( નામકર્મ ), ત્યારે ચોથી જાતના કર્મ તેના જીવનની લંબાઇની હદ ઠરાવે છે ( આયુકર્મ ). આ પ્રમાણે દરેક કર્મ જુદાં જુદાં કાર્ય કરે છે. કેટલાક વખત સુધી આ કર્મ સત્તામાં રહે છે-ઉદયમાં આવતા નથી, પણ આખરે તે અસર કરેજ છે-ઉદયમાં આવે છે, અને જે કર્મની જેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસર આત્મા અને શરીર ઉપર થવાની હોય તે પ્રમાણે તેની અસર અવશ્ય મોડી કે વહેલી થાયજ છે, અને આ પ્રમાણે તેની અસર થયા પછી તે કર્મના પુદ્‌ગળો ખરી જાય છે. કેટલીક વખત કર્મ સ્વતઃ પણ ખરી જાય છે–તેની નિર્જરા થઇ જાય છે. આ પ્રમાણે નિર્જરાથી સર્વ કર્મથી રહિત આત્મા થઇ શકે છે અને તેની કુદરતી સ્થિતિ સંપૂર્ણ શાંતિ–મોક્ષમાં તે જાય છે. મોક્ષ મેળવવા માટે કર્મને આવતાં અટકાવવાની જરૂર છે. આનું નામ સંવર કહેવાય છે. સંવર એટલે આત્મામાં રહેલા કર્મના દ્વારો બંધ કરવા તે. આ પ્રમાણે સંવર અને નિર્જરા–નવા કર્મના પ્રવેશનો અટકાવ અને પ્રાપ્ત થયેલા કર્મનો વિનાશ તેજ ધર્મના મુખ્ય પાયારૂપે છે. સદ્‌વર્તન, ઉચ્ચ ચારિત્ર, તપસ્યા અને ધ્યાન તે ઇપ્સિતાર્થ સિદ્ધ કરવા માટેના મુખ્ય ઉપાયો છે. ખાસ કરીને તપસ્યા–ઉપવાસાદિ કરવા તે કર્મને ઉદયમાં લાવ્યા વિના તેનો ક્ષય કરી નાખવામાં મુખ્ય સાધન મનાય છે. કર્મો આત્મા ઉપરથી ઉપવાસાદિકવડે નિર્જરી જાય છે. આખરે જ્યારે આત્મા સર્વે કર્મથી રહિત થાય છે અને તેની કુદરતી પવિત્ર સ્થિતિમાં વર્તે છે ત્યારે તે આ સંસારમાં કર્મના ભારથી બંધાઇને રહેતો નથી, પણ તે પૈદ્‌ગલિક કર્મના ભારથી નીચે પડી રહેલ હતો તેમાંથી મુક્ત થવાથી આ લોકને પ્રાંત ભાગે ચાલ્યો જાય છે, અને ત્યાં સંપૂર્ણ શાંતિમાં હમેશને માટે રહે છે. સંસારની વસ્તુઓ તેની ઉપર ત્યાં મોક્ષમાં કશી અસર કરી શકતી નથી, અગર તે તેની દરકાર કરતો નથી. આ મુક્ત થયેલા આત્માઓ છે તેનું નામ સિદ્ધ કહેવાય છે અને તે સર્વની સાથે ગતકાળમાં થયેલા તીર્થંકરોના આત્મા પણ ત્યાં રહેલા હોય છે. જૈનો તીર્થંકરોને પરમેશ્વર તરીકે પૂજે છે, કારણ કે તેઓ કર્મથી રહિત પવિત્ર આત્માઓ છે. અને આ સંસારમાં પણ તેમના પવિત્ર જીવનથી ભવ્ય જીવોને નમુના રૂપે તેઓ થઇ ગયેલા છે પણ આ સંસારમાં બનતા બીજા કોઇ પણ બનાવો ઉપર તે તીર્થંકરોની કોઇ પણ પ્રકારની સત્તા હોય તેની જૈન લોકો તદ્દન ના પાડે છે. દુનિયાના કર્ત્તા તરીકે અને સૃષ્ટિ ચલાવનાર તરીકે પરમેશ્વરને તેઓ બીલકુલ માનતાજ નથી.

કર્મના નિયમો જૈન ધર્માનુસાર ટુંકાણમાં અત્રે મેં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. આ કર્મના નિયમો ઉપરજ જૈન ધર્મની ફીલોસોફીનો મુખ્ય પાયો રચાએલો છે, અને વર્તનના તેમના ઘણાખરા નિયમો જાણવાનું આ કર્મના નિયમો જાણ્યા પછી તેને અનુસરવાથી વિશેષ અનુકુળ થઇ પડશે.

હવે હું જૈનોના નૈતિક શાસ્ત્ર માટે થોડું જણાવીશ. સર્વ હિંદુઓ મુખ્ય નૈતિક નિયમોને સરખી રીતે સ્વીકારે છે. બ્રાહ્મણો, બુધ્ધો અને જૈનો સર્વ જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નના પ્રથમના ચાર વ્રતોમાં તો લગભગ મળતાજ છે. તે ચાર નિયમો આ પ્રમાણે છે—હિંસા કરવી નહિ, જૂઠું બોલવું નહિ, ચોરી કરવી નહિ, અને વ્યભિચાર—પરસ્ત્રીગમન કરવું નહિ. ઉપરના ત્રણે ધર્મવાળાઓને એક પાંચમો નિયમ ગ્રહણ કરવાનો હોય છે, જે દરેક ધર્મમાં જુદો જુદો કહેલો છે. પહેલા ચાર નિયમોમાં સર્વ મતવાળાઓની માન્યતા સરખીજ છે, એટલુંજ નહિ પણ પ્રથમનો મુખ્ય નિયમ જીવવધ કરવાના પ્રતિબંધમાં પણ તેઓ ખાસ કરીને મળતા આવે છે, અને તે નિયમને સર્વમાં પ્રધાનપદ અપાએલું છે. દરેક માણસ નિઃશંક રીતે તરતજ આ કબુલ કરશે કે કોઈ પણ માણસની મીલકત ચોરી લેવી અગર જૂઠું બોલીને તેને આડે રસ્તે દોરવવો તેના કરતાં તે માણસનો વધ કરવો—તેના પ્રાણ હરણ કરવાં તેમાં સર્વથી વધારે પાપ છે. પણ વધ કરવાની આ મનાઇ—અહિંસા, માત્ર મનુષ્ય પરત્વેજ નહિ પણ તે પ્રાણી—પશુ સુધી પણ લંબાવવામાં આવેલ છે. બુદ્ધો અને જૈનો બંને પ્રાણીનો વધ કરવામાં તો પાપ માનેજ છે. પણ અહિંસાના ખરેખરા અર્થમાં તો જૈન લોકોજ તેને માને છે. ધર્મના મુખ્ય નિયમ—સર્વોત્કૃષ્ટ નિયમ તરીકે તો જૈનોજ તે સિદ્ધાંત પાળે છે, અને **अहिंसा परमो धर्मः** તે સિદ્ધાંતને તેઓ ખરેખરા અનુસરે છે, અને સંપૂર્ણ રીતે તેના અંતિમ છેડા સુધી તેઓ તે નિયમને જાળવે છે. તેઓ વનસ્પતિમાં પણ જીવ છે, પ્રત્યેક ઝાડ પાન ફળ ફુલમાં જીવ રહેલા છે તેમ માનતા હોવાથી ગૃહસ્થ ધર્મને અંગે તો તેના ખરેખરા અર્થમાં અહિંસાનો નિયમ સાચવવા તેઓ લગભગ અશક્ત નીવડે છે—તે નિયમ સંપૂર્ણપણે તેમનાથી તો સાચવી શકાતો નથી. પણ તે નિયમ સાધુઓને તો તેમના વર્તનમાં સંપૂર્ણપણે અવશ્ય જાળવવાનોજ છે અને ચારિત્રના તેમના નિયમોનો મોટો ભાગ અહિંસાના મુખ્ય નિયમને અવલંબીનેજ બંધાએલો છે. શ્રાવકો પણ મોટા પ્રાણી—પશુઓને મારવાથી તો તદન દૂરજ રહેલા હોવાથી આપ સર્વે જાણો છો તેમ તેઓ માંસાહારી નહિજ પણ શાકભાજી ઉપરજ રહેનારા છે ( Vegetarians ). કોઇ પણ જીવતા પ્રાણીને મારવું નહિ તે જૈનોનો સર્વદા મુખ્ય નિયમ તેમના નૈતિક શાસ્ત્રના પ્રથમ પગથીઆરૂપેજ પ્રવર્તેલો નિયમ છે તેમ દ્રઢ રીતે કહી શકાય.

મેં પ્રથમ કહ્યું છે કે જૈન ધર્મમાં વનસ્પતિ રોપામાં પણ જીવો રહેલા છે તેમ માન્યતા છે. તેમાં કેટલાકમાં એક શરીરે એક જીવ હોય છે, અને કેટલીક વનસ્પતિમાં તો એક શરીરે અનંત જીવો રહેલા હોય છે તેમ તેઓ માને છે. આ બાબતમાં હિંદુઓના બીજા ધર્મશાસ્ત્રને તેઓ મળતા આવે છે. પણ આત્માનો સ્થળ તેઓ પશુ—પ્રાણી અને વનસ્પતિકાય ઉપરાંત બીજામાં પણ માને છે. આ બાબતમાં તેમના વિચારો બહુ નવીન પ્રકારના—નવી દિશા સૂચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરાવનારા છે, અને ખાસ કરીને હિંદુસ્તાનમાં બીજા કોઇ ફીલોસોફરો તે મત ધરાવતા નથી. જૈન લોકો પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિમાં પણ અસંખ્યાતા જીવો રહેલા છે તેમ માને છે, અથવા તો તે વસ્તુઓ પણ અસંખ્ય આત્માના શરીર રૂપેજ છે. જેને તેઓ સ્થાવર-સ્વતઃ હાલી ચાલી ન શકે તેવા આત્માના શરીરો કહે છે. જ્યારે પૃથ્વીકાય-અપકાય વિગેરે શરીરોમાંથી તેની અંદર રહેલા આત્માઓ ચાલ્યા જાય છે, ત્યારેજ તેઓ તેને નિર્જીવ તરીકે ગણે છે. આ પ્રમાણે ઠંડા પાણીમાં પણ જીવો રહેલા છે, અને તેથી સાધુઓ ઠંડું પાણી-સચિત્ત જળ વાપરતા નથી. આ પ્રમાણે જૈન મતાનુસાર પૃથ્વી વિગેરે વસ્તુ એવી બહુ થોડી કહી શકાય કે જે જીવરહિત-નિર્જીવ હોય, કારણ કે તે વસ્તુઓમાં ઘણે ખરે સ્થળે જીવ રહેલાજ હોય છે. તેનું સચિત્તપણાનું પ્રમાણ વિશેષ છે. આટલાથી પણ તે સંપૂર્ણ થતું નથી. આ ઉપરાંત હજુ પણ જીવોની એક જાત બાકી રહે છે, અને તે જીવો સર્વેથી નાના-તદ્દન સૂક્ષ્મ અને આપણી આંખથી અગોચર રહેલા છે-અદૃશ્ય છે. આ પ્રાણીઓનું-આત્માના શરીરોનું નામ **નિગોદ** કહેવાય છે. આ નિગોદ શબ્દનો શું અર્થ થાય ? તે બાબત વધારે સ્પષ્ટ કરવા માટે મારે કહેવું જોઇએ કે વનસ્પતિના શરીર જૈન મતાનુસાર બે પ્રકારના છે. દૃશ્ય અને અદૃશ્ય-સૂક્ષ્મ અને બાદર. નિગોદના જીવો અદૃશ્ય અથવા સૂક્ષ્મ વનસ્પતિ કાયના પેટા ભાગમાં સમાય છે. કેટલાક વૃક્ષો-રોપાઓ ફક્ત એક આત્માના એક શરીરરૂપે હોય છે, અને બીજાઓ એક શરીરે અનંત જીવવાળા હોય છે. તેના પ્રત્યેક શરીરમાં અનંત અનંત જીવો રહેલા હોય છે, અને આવી જાતના વનસ્પતિના શરીરોની સંખ્યા ઘણી મોટી-બાદર કરતાં સૂક્ષ્મની એક શરીરે અનંત જીવોની સંખ્યા અનંત ગુણી છે. નિગોદના જીવો તે આ વનસ્પતિકાયના જીવો છે. જૈનોના કથનાનુસાર આ લોકમાં અસંખ્ય અદૃશ્ય ગોળાઓ રહેલા છે, તે પ્રત્યેક ગોળામાં અસંખ્ય શરીર છે, અને પ્રત્યેક શરીરે અનંતા જીવો રહેલા છે. સૃષ્ટિમાં ભરેલા ગોળાના પ્રત્યેક શરીરમાં રહેલા અનંતા જીવોને જૈનો નિગોદના નામથી ઓળખે છે, અને તેઓ સર્વની જેવું સાધારણ જીવત્વ ધરાવનારા છે. આ ગોળાઓ વડે આ અખીલ સૃષ્ટિ-આ આખો લોકપ્રદેશ ખીચોખીચ ભરેલો છે. આ ગોળાઓમાંથી અવારનવાર સ્વકર્મના પરિપાકથી કેટલાક જીવો મુક્ત થાય છે તે આ સૃષ્ટિના દૃશ્ય વિભાગમાં આવે છે અને મુક્તિ પ્રાપ્ત થયેલા જીવોની ખાલી પડેલી જગ્યાઓ તેઓ ગ્રહણ કરે છે. સૃષ્ટિનો આવો ક્રમ ગોઠવાએલો છે. નિગોદમાંથી પશુ શરીરમાં, મનુષ્ય પણામાં અને દેવપણામાં તેઓ આવે છે. દરેક જીવ આ ફેરામાં-ઉંચે ચઢવું-નીચે પડવું તે પ્રમાણે સૃષ્ટિમાં ચક્કર લીધા કરે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેમના કર્માનુસાર પાપ અગર પુન્યના પરિણામાનુસાર તેઓ નીચે ઉતરી જાય છે અગર ઉંચે ચઢે છે, પ્રત્યેક જન્મમાં તેઓ આ સ્થિતિ સહન કરે છે. મનુષ્ય જન્મની શ્રેષ્ઠતા એટલા માટે છે કે તે ભવમાંજ પ્રાણી મુક્તિ–પરમ શાંતિ મેળવી શકે છે. દેવ–તિર્યંચ–નારકી અગર હલકા પ્રાણીની ગતિમાંથી જીવ મુક્તિ મેળવી શકતો નથી. જીવ તત્ત્વ સંબંધી ઉપરના જૈન સિદ્ધાંતનો બહુ જુજ ભાગ અત્રે દેખાડવા મેં પ્રયત્ન કર્યો છે, કે જે તત્ત્વની ઉપર ઘણું વિશેષ વિવેચન જૈન શાસ્ત્રોમાં માલુમ પડે છે. સર્વ તત્ત્વોમાં આ તત્ત્વ શ્રેષ્ઠ છે, અને તેના ઉપર ઘણું વર્ણન કરેલું છે.

હવે વિશેષ હકીકત કહેતાં હું અટકીશ. મારા ભાષણના પૂર્વ ભાગમાં જૈન ધર્મના મહાન્ અને અતિ ગૂઢ સિદ્ધાંતોમાંથી થોડા માત્રનું બહુ ઉપરચોટીયું વર્ણન કરવાનો મેં પ્રયત્ન કર્યો છે. આ સર્વ નિયમો અને સિદ્ધાંતો બહુ વર્ણનથી સંપૂર્ણ રીતે પુસ્તકારૂઢ થયેલા છે અને તે સિદ્ધાંતોના નિરૂપણમાં જૈનોના અમૂલ્ય અને વિશાળ ગ્રંથો અને તે ગ્રંથો ઉપરની ટીકાઓ ઘણી રચાએલી છે. જૈન સાહિત્યનું નિરૂપણ કરવા માટે હવે હું આજના મારા ભાષણના અંતિમ ભાગ ઉપર આવીશ. શ્વેતાંબર આમ્નાયના મૂળ ગ્રંથો–આગમો–સિદ્ધાંતના પુસ્તકો માટે હું વિશેષ બોલીશ નહિ. મૂળ ગ્રંથો સિવાય ત્યારપછીના આચાર્યોએ બનાવેલા ગ્રંથો માટે હું સહજ વિવેચન કરીશ. પ્રાકૃત (માગધી) અને સંસ્કૃત ભાષામાં રચવામાં આવેલી તે પવિત્ર સિદ્ધાંતોના ગ્રંથો ઉપરની ટીકાઓ તે મૂળ ગ્રંથો કરતાં પણ ઘણી વધારે પ્રમાણવાળી છે. ટીકાના પાંચ લાખ ગ્રંથ છે તેમ કહેવાય છે. જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો અને તેની ટીકાઓ ઉપરાંત પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં ઘણા મોટા પ્રમાણમાં કાવ્યના ગ્રંથો પણ જૈનાચાર્યો–જૈન ગ્રંથકારોએ રચેલા છે કે જેમાં સાધુ મહાત્માઓના અને ખાસ કરીને તીર્થંકરોના જીવનચરિત્રો આપવામાં આવેલા છે. અત્યાર સુધીમાં છપાઇને બહાર પડેલા ચરિત્રો તો બહુ અલ્પ સંખ્યામાં છે. તે ચરિત્રોનો ઘણો મોટો ભાગ હજુ છપાયા વગરનો ફક્ત હસ્તાક્ષરથી લીખિત પ્રતોમાંજ છે. આ કાવ્યોમાંથી કેટલાક તો ખરેખરા અન્ય સંસ્કૃત કાવ્યોની હરીફાઈમાં ઉભા રહી શકે તેવી ભાષામાં લખાએલા ઘણી અલંકારિક ભાષાવાળા છે, જ્યારે કેટલાક બીજા કાવ્યો–ચરિત્રો બહુ સાદી ભાષામાં લખાએલા છે. જૈનો જે વાતો બહુ સારી રીતે જાણતા હોય છે તેવી ઉત્તમોત્તમ કથાઓ–ચરિત્રો અને વાર્તાઓ આ કાવ્યોના–ચરિત્રોના ગ્રંથમાં લખાએલી છે. જુના વખતમાં થોડે અંશે બુદ્ધો સિવાય હિંદુસ્તાનના લેખકોમાં કથાઓ–ચરિત્રોના શોખીન લેખકો જૈનો કરતાં બીજા ધર્મમાં બહુ ઓછા પ્રમાણમાં માલુમ પડે છે. સામાન્ય વાંચનમાં બહુજ–સર્વથી વધારે ફેલાવો પામેલ બહુ જાણીતો ગ્રંથ–પંચતંત્ર તેને માટે આપણે જૈન લોકોના આભારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ. બીજી બાબતમાં પણ જૈન સાહિત્ય આપણુને બહુ ઉપયોગી છે. હિંદુસ્તાનના પૂર્વકાળના સાહિત્યનું આપણું જ્ઞાન પણ જૈનોનેજ આભારી છે. જુની ચોપડીઓમાં આપવામાં આવેલા ઉતારા ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે ઇસ્વીસનના સેકા પહેલા ઘણા વર્ષ પૂર્વથી તે ઠેઠ દશમા સેકા સુધી અને પછીથી પણ સંસ્કૃત ભાષામાં પુસ્તકો નહિ વાંચી શકનારા, બીન કેળવાએલા વર્ગો માટે પ્રાકૃત ભાષામાં સાહિત્યના ગ્રંથો રચવામાં આવતા હતા. પણ આ વિશાળ સાહિત્યના મોટા ભાગમાંથી મહાકાવ્ય કહી શકાય તેવી પદ્ધતિના ગ્રંથો બહુ જુજ અવશેષ રહેવા પામ્યા છે, બાકીના બધાનો હમેશને માટે નાશ થઇ ગયો છે. જો જૈનોએ પ્રાકૃત ભાષાના તેમના ગ્રંથો, કાવ્યો અને કથાઓનો જે કેટલોક ભાગ સાચવી રાખ્યો છે તે રાખ્યો ન હોત તો કેવી જાતના અને કેવી પદ્ધતિના તે ગ્રંથો હશે તેનો આપણુને ખ્યાલ પણ આવત નહિ. જે શ્રેષ્ઠ પ્રાકૃત કાવ્યો આપણે ધરાવીએ છીએ તેમાં સૌથી સરસ કાવ્ય **પઉમચરીય** નામે ગ્રંથ છે. તે ગ્રંથ ઈસ્વીસનના શકની શરૂઆત વખતે—લગભગ બે હજાર વર્ષ પહેલા બનાવાએલો છે. તે ગ્રંથ બહુ સુંદર અલંકારીક કાવ્યની ભાષામાં રચાએલો છે અને પ્રાકૃત ભાષાનાજ વિશાળ અને મોટા સાહિત્યનો તદન નાશ થઇ ગયો છે તેના એક અવશેષ રહેલ ભાગ તરીકે તે ગણી શકાય તેવો ઉત્તમ ગ્રંથ છે. તે વાંચતાં તરતજ માલુમ પડે તેવું છે કે ગ્રંથકર્તાએ તે વખતે ગ્રંથોમાં વપરાતી ચાલુ ભાષાની નકલ કરેલી છે, જે દેખાડે છે કે આવા ઘણા ગ્રંથો તે સમયમાં વિદ્યમાન હશે. કાવ્યના આ સાહિત્ય ઉપરાંત ત્યાર પછીથી વાર્તાઓના—કથાઓના ગ્રંથોનો મોટો ભાગ ગદ્યમાં પણ લખાયો છે. અલંકારો ઉપરના ગ્રંથકારોના વિવેચનથી આપણે આટલું ઉપજાવી શકીએ છીએ. પણ જયારે તેઓએ તે ગ્રંથના ઉતારા કર્યા ત્યારે જે ગ્રંથોનો તેઓ વિચાર કરતા હતા તે ગ્રંથોનો તો ઘણા લાંબા વખતથી નાશ થઈ ગયો છે અને જૈન ગ્રંથકારોએ લખેલા આવા વર્ણનના પ્રાકૃત પુસ્તકો જો આટલા પણ હૈયાત—પ્રકાશમાં રહ્યા ન હોત તો તે ગ્રંથો કેવી જાતના હતા તેની પણ ખબર પડત નહિ. આ સર્વ ગ્રંથોમાં સર્વથી પુરાણો અને ઘણો અગત્યનો ગ્રંથ તે હરિભદ્રસૂરિનો બનાવેલો **સમરાદિત્ય કથાનો** ગ્રંથ છે, કે જે ગ્રંથ માટે હેમચંદ્રાચાર્યે **સકળ કથાના નમુના રૂપ** તે ગ્રંથ છે તેમ જણાવેલું છે. આ ગ્રંથ ૧૦૦૦ વર્ષ કરતાં વધારે વર્ષની પહેલાં નવમા સૈકામાં લખાએલો છે. તે ગ્રંથમાં મધ્યકાળના હિંદુસ્તાનના જીવનના જુદા જુદા વર્ણનો—જેવાં કે પ્રેમની વાતો, સમુદ્ર અને દરિયા માર્ગની મુસાફરીના વૃત્તાંતો, રાજ દરબારની ખટપટો, લડાઇઓ વિગેરેનો ચિતાર આપવામાં આવેલો છે. જેમાંથી પ્રાકૃત વાર્તાઓ બનાવવામાં આવતી હતી અને જે વાર્તાઓ કેળવાએલા લોકોની ગમતનું સાધન બનતી હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વાર્ત્તાઓનું મૂળ આવુંજ સાહિત્ય હતું તેમ માનવામાં કોઈપણ જાતની શંકા રાખવા જેવું નથી. આવો જેનો મોટો જથો હતો તે પ્રાકૃત ભાષાના વાર્તા વિગેરેના ગ્રંથોનો મોટો ભાગ તદન નાશ પામી જવા દેવાનું શું કારણ હશે? બાહ્યદૃષ્ટિથી જોતાં એમ લાગે છે કે પ્રાકૃત ભાષાનું આ જ્ઞાન, કે જે લોકોની ભાષાનું મૂળ કારણરૂપ હતું, અને જે સર્વને સમજવું સહેલું હતું તે જેમ વખત જતો ગયો તેમ ઓછું થતું ગયું અને લોકોની ભાષા ધીમે ધીમે બદલાવાથી નવી ભાષા જુની ભાષાથી એટલી બધી ફેરફારવાળી થઇ ગઇ કે જુની ભાષામાં લખાએલા પુસ્તકો સમજવા માટે તે ભાષાના સંપૂર્ણ અભ્યાસની–રીતસરના અભ્યાસની જરૂર પાડવા માંડી. આમ થવાથી સામાન્ય જનસમુદાયની દૃષ્ટિમાં જુની ભાષા નવી ભાષા આગળ નકામી લાગવા માંડી અને સંસ્કૃત ભાષાની સરખામણીમાં પ્રાકૃત ભાષાને સરખી પદવી આપનાર જૈનાચાર્યો અને ગ્રંથકારો સિવાય બીજા કોઇ તે ભાષાના વાંચકો રહ્યા નહિ. તેથીજ એમ બન્યું કે તે વખતની સર્વથી પ્રખ્યાત પ્રાકૃત ભાષાના જે થોડા ઘણા અવશેષો–દેખાવો અત્યારે બાકી રહ્યા છે, તે માટે આપણે જૈનોનાજ આભારી છીએ.

હજુ આ વિષય ઉપર વધારે લંબાણથી વિવેચન કરૂં તો મને લાગે છે કે મારા શ્રોતાઓની ધીરજને હું હવે બહુ કંટાળો આપીશ. મને લાગે છે કે જૈનો જ્ઞાનનો એક મોટો ખજાનો ધરાવે છે અને "જેઓ પૂર્વકાળની હિંદુસ્તાનની ફીલોસોફી અને ધર્મ–બંનેના ઇતિહાસ અને અભ્યાસ માટે ઇંતેજાર હોય તેની માહિતી માટે તે જ્ઞાનનો ખજાનો જેમ વધારે બહાર પડે તેમ થવાની જરૂર છે." આ બાબત સ્પષ્ટતાથી સમજી શકાય તે માટે મેં પૂરતું કહ્યું છે.

**કાપડીયા નેમચંદ ગીરધરલાલ.**
(ભાષાંતર કર્ત્તા.)

---

ઉપરના તેના ભાષણમાં ડો૦ હર્મન જેકોબીએ જે એક ખાસ દલીલ રજુ કરી છે તે જુદી નોંધી રાખવા જેવી હોવાથી તેનાજ શબ્દોમાં તે અત્રે નીચે આપીએ છીએ.

"આગળ વધવા પહેલાં આત્માને લગતા પુદ્‌ગળો–કર્મનો પ્રવાહ–**આશ્રવ** તે શબ્દ શું સૂચવે છે તે બાબતમાં મારે થોડી વધારે વિગતથી બોલવાની જરૂર છે. આ શબ્દ બહુ સુંદર રીતે પસંદ કરાએલો છે, કારણકે આશ્રવનો ખરેખરો અક્ષરશઃ અર્થ 'અંદર આવવું–સરકવું. ( To Flow in )" તે થાય છે. તે શબ્દ 'સ્રુ–સરકવું' ધાતુ ઉપરથી નીકળેલો છે. હવે બુદ્ધ લોકો પણ પાપને માટે 'આશ્રવ' શબ્દ વાપરે છે. પણ કર્મના તેમના વિચાર–કથનાનુસાર આશ્રવનો મૂળ અર્થ બીલકુલ બંધબેસતો આવતો નથી, અને તેથી તેઓએ આ **આશ્રવ** શબ્દ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલવહેલો વાપર્યો હોય તે અસંભવિત લાગે છે. કર્મના તેમના વિચારને અનુકૂળ આશ્રવ શબ્દ જે ધર્મના ગ્રંથોમાં પ્રથમ વપરાયો હોય તેના ઉપરથી તેમની પાસેથી તે શબ્દ તેમણે ઉતારી લીધેલો-તે ગ્રંથોમાંથી છીનો લીધો હોય તેમ સ્પષ્ટ રીતે માલુમ પડે છે. જે કોમે આ શબ્દ શોધી કાઢ્યો તે જૈન કોમજ છે. તેમાં જરા પણ શંકા જેવું નથી, અને બુદ્ધ લોકોએ આવો ઉપયોગી શબ્દ ઉતારી લીધો-તેમની પાસેથી છીનો લીધો તે જૈન ધર્મ બુદ્ધ ધર્મ કરતાં ઘણો પહેલો નીકળેલો હોવોજ જોઇએ તેમ સાબીત કરે છે. મારા ભાષણની શરૂઆતમાં જેને માટે મેં સૂચના કરી છે તે બાબતમાં આ એક નવી દલીલ છે. સારાંશ કે જૈન ધર્મ બુદ્ધ ધર્મની શાખા નહિ-પણ તે પહેલાં ઘણા વર્ષોથી નીકળેલો પ્રાચીન ધર્મ છે.

# धर्मना फेलावा अर्थे जैन प्रजाए करवो जोइतो प्रयास.

## चालु जमानानी एक जरुरीयात–महावीर मीशन.

(લેખકઃ—ફકુલભાઇ ભુદરદાસ વકીલ.)

વીરપ્રભુનો સમય કેવો હતો તે સર્વેને વીર ચરિત્ર ઉપરથી વિદિત હશે. તે વખતનો જમાનો એવો હતો કે આપણે કીર્તિના શિખર ઉપર ચઢેલા હતા. અત્યારનો સમય એવો છે કે આપણે તે શિખરની તળેટીમાં ગોથાં ખાઇએ છીએ. એ જમાનો એવો હતો કે જૈન રાજાઓ હતા, જૈન મંત્રીઓ હતા, જૈન સેનાધિપતિઓ હતા. જૈનોમાં કરોડાધિપતિ અને લક્ષાધિપતિ અસંખ્ય હતા; જયારે અત્યારે કરોડપતિ તો શું પરંતુ લક્ષાધિપતિ આંગળીના ટેરવા ઉપર ગણાય તેટલા જુજ છે. તે જમાનામાં જૈનો બહોળો વેપાર કરવા વ્યાપાર અર્થે વહાણોના વહાણો ભરીને દૂર દેશાવર જતા જ્યારે અત્યારે મોટો ભાગ નોકરી ઉપર ગુજારો કરે છે, વ્યાપાર અર્થે વિલાયત ગમન કરવા કોઇ તૈયાર થાય છે તો કોમના કેટલાક અગ્રેસરો નાહકના આડા આવે છે અને કેટલાક ધર્મનો લોપ ન થવાની ખાતર આડા આવે છે. જનારે ધર્મ જાળવવો હોય તોજ જવું એ ખરી વાત છે, બાકી ધર્મ જાળવીને ત્યાં રહેવાની ખાત્રી આપનારને જવામાં અટકાયત કરવી અથવા આવ્યા પછી હેરાન કરવા તે કોમની ઉન્નતિનો માર્ગ બંધ કરવા બરાબર જણાય છે. પરંતુ સદ્‌ભાગ્યે બીજી વણીક કોમો કરતાં આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણને આ બાબતમાં ઘણો સંતોષ લેવાનો છે. જૈન ઝવેરીઓએ આપણે માટે ત્યાં ખાવા પીવા વિગેરેની સગવડ કરી આપીને આ માર્ગ ખુલ્લો કરી આપ્યો છે.

વીર પ્રભુના સમયની સાથે હાલના સમયની થોડીક સરખામણી કરી હવે ચાલુ જમાનાની એક જરૂરીયાત તરફ આપનું ધ્યાન ખેંચીશ. આપણી જરૂરીયાતો એટલી વધી છે કે તે દરેકનું વિસ્તારથી વર્ણન કરવા જતાં એક પુસ્તક થવા જાય. આજના પ્રગતિના જમાનામાં કોમના અભ્યુદય માટે આપણને શાની જરૂર નથી? કેળવણીની મહાન્ સંસ્થાઓ જેવી કે યુનીવરસીટી, કોલેજો, હાઈસ્કુલો, બોર્ડીંગ હાઉસો અને ગુરૂકુળ તેમજ લાઇબ્રેરીઓની આપણને શું ઓછી અગત્ય છે? આપણી બ્હેનો તથા પુત્રીઓને માટે નમુનેદાર શિક્ષણ જેવું કે ધાર્મિક, વ્યાવહારિક તેમજ ગૃહોપયોગી મળી શકે તેવું એક **શ્રાવિકા મહા વિદ્યાલય** અથવા તો તેવીજ એક ઉપયોગી સંસ્થા નહિ ધરાવવા માટે આપણે શું નીચું જોવું પડતું નથી? જૈન ઇસ્પીતાલો, સેનીટેરીઅમો, તથા કોન્વેલસન્ટ હોમ તેમજ ગરીબો માટે સસ્તા ભાડાની ચાલીઓ વિગેરેની આપણને તેટલીજ જરૂર છે. આખા હિંદુસ્તાનના જૈન સંઘનો અવાજ રજુ કરનારી તેમજ જૈનોના ત્રણે ફીરકાઓ એકજ પ્લેટફોર્મ ઉપર પરસ્પરના ધાર્મિક એક મળતાપણાવાળા વિષયમાં એકત્ર થઇ પોતાના જાતભાઇઓના અભ્યુદય માટે એક દિલથી પ્રયાસ કરે તેવું શિક્ષણ આપનારી કોન્ફરન્સ અને કોન્ગ્રેસ જેવી સંસ્થાઓની જરૂરીયાત મ્હારા કરતાં આપણા આગેવાનો વધુ સારી રીતે પીછાણી શકે તેમ છે. આનંદની વાત છે કે આપણા પ્રયાસો આ દિશા તરફ વળવાની શરૂઆત થઇ ચુકી છે; અને આપણી સખાવતનો ઝરો વધતે યા ઓછે અંશે આવી સંસ્થાઓને હસ્તિમાં લાવવા તરફ વહેવા લાગ્યો છે, એમ કહેવામાં હું તદ્દન ભૂલતો નહિ હોઉં એમ મારૂં માનવું છે; અને તેથી આજે એક બીજીજ જરૂરીયાત તરફ આપનું હું ધ્યાન ખેંચવા માગું છું; અને તેમ કરીને આપણા પવિત્ર ધર્મના ફેલાવા અર્થે આપણા તરફથી કેટલા ઓછા પ્રમાણમાં પ્રયાસ થાય છે તે તરફ લક્ષ ખેંચીશ. જે જૈન ધર્મને બૌદ્ધ ધર્મના એક ફાંટા તરીકે ગણી કાઢવામાં આવતો હતો અને જેના પાળનારાઓને 'નાસ્તિક' ના ઉપનામથી ઓળખવામાં આવતા હતા તે જૈન ધર્મ દુનિયાના મહાન્ ધર્મમાંનો એક છે; અને તે બૌદ્ધ ધર્મની એક શાખા નહિ, પરંતુ અનાદિ કાળથી ચાલતો આવેલો એક સનાતન ધર્મ છે એમ જૈનોજ નહિં, પરંતુ અન્ય વિદ્વાનો તેમજ પાશ્ચિમાત્ય અભ્યાસીઓ પણ આજે સ્વીકારવા લાગ્યા છે. આવા એક મહાન્ ધર્મનાં તત્ત્વો જાણવાની જિજ્ઞાસા હિંદુસ્તાન તેમજ તેની બાહારના પ્રદેશોમાં દિવસે દિવસે વધતી જાય છે; પરંતુ તેઓની આકાંક્ષા પોષવા તેમજ તેવા જિજ્ઞાસુઓને જોઇતું સાહિત્ય પૂરૂં પાડવા આપણો પ્રયાસ કેટલો નિર્જીવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એ ખરેખર ખેદની વાત છે. પોતાના ધર્મના ફેલાવા અર્થે ક્રિશ્ચિયન પ્રજાએ મોટા પાયા ઉપર જંગી યોજનાઓ રચી દુનિયાના દરેક ભાગોમાં ક્રિશ્ચિયાની-ટીનો ઉપદેશ કરનારાં મહાન્ મીશનો ફરતાં કર્યાં છે; અને તે મીશનના સમયજ્ઞ ચાલકો તે તે દેશના લોકોની ખરી નાડ તપાસી તેઓને પોતાના ધર્મમાં લેવાને માટે કેવા ઉપાયો યોજવા જોઇએ તે બહુ સારી રીતે સમજતા હોઈ તેઓને અસાધારણ ફત્તેહ મળી છે. મુસલમાન રાજ્યની માફક તરવારથી ધર્મનો ફેલાવો કરવાનો વખત આજે વહી ગયો છે, આજના ન્યાયસંપન્ન અને શાંતિપ્રિય બ્રીટીશ રાજ્યમાં ધર્મ ફેલાવવામાં જે સગવડતા અને સાધનો ખુલ્લાં થયાં છે, તેવી સગવડતા અને તેવાં સાધનો ભૂતકાળમાં કદિ પણ પ્રાપ્ત થયા હોય એમ ઇતિહાસ જોતાં માલૂમ પડતું નથી. આવા અમૂલ્ય વખતનો લાભ લેવાનું આપણા કમનશીબે જો આપણે ગુમાવીશું, તો જે મહાન્ તત્ત્વોથી ભરપુર ખજાનો આપણા મહાન્ આચાર્યો આપણા માટે મુકી ગયા છે તેને માટે આપણે નાલાયક ઠરીશું; એટલુંજ નહિ પરંતુ અન્ય પ્રજાઓની દૃષ્ટિમાં આવા કિંમતી ખજાનાને એક ખુણામાં સંકોચી રાખવામાં અરે ઉધાઇને સ્વાધિન કરવામાં આપણે મૂર્ખ શિવાય બીજું કયું ઉપનામ મેળવી શકીશું ?

વેદાંત ધર્મના અનુયાયીઓ વેદાંતિઝમના ફેલાવા માટે વરસો થયાં ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે અને ઇંગ્લાંડ તેમજ અમેરીકા જેવા દૂરના દેશોમાં મર્હુમ સ્વામી વિવેકાનંદ તેમજ માત્ર થોડા માસની મુદત ઉપર આ અસાર સંસારને ત્યાગી ગયેલા સ્વામી બાલાભારથી જેવા મહાન્ પુરૂષોએ સતત્ ઉપદેશ આપી ત્યાંના લોકોને પોતાના ધર્મમાં લાવવામાં નહિ ધારેલી ફત્તેહ મેળવી છે અને પોતાનો આ પ્રયાસ અખંડ રીતે જળવાઇ રહે તે હેતુથી વેદાંત ધર્મના મંદિરો સ્થાપવાની સાથે તે ધર્મનો પ્રચાર કરનારા ચેલાઓ પણ તેમણે તૈયાર કર્યાં છે. આર્યસમાજીઓ, બ્રહ્મોસમાજીઓ તેમજ હમણાં હસ્તીમાં આવેલા બહાઇ ધર્મના સંચાલકો પોતપોતાના ધર્મમાં લોકોને આકર્ષવા જ્યારે મહાન્ પ્રયત્નો કરી રહ્યા છે, ત્યારે બંધુઓ ! વિચાર કરો કે આપણો જૈન ધર્મ જે અનાદિ કાળથી ચાલતો આવતો હોવાનો આપણે દાવો કરતા આવ્યા છીએ, અને જેનાં તત્ત્વો દુનિયાના કોઈ પણ ધર્મ કરતાં ચઢીયાતા છે એમ વખતો વખત આપણે જાહેર કરીએ છીએ તે ધર્મના ફેલાવા અર્થે આપણે કેટલો પ્રયાસ કર્યો છે?

મર્હુમ આચાર્ય **શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી ઉર્ફે આત્મારામજી** મહારાજના ફરમાનથી મર્હુમ **મી. વીરચંદ રાઘવજી ગાંધીએ** જૈન ધર્મનો વિજય વાવટો અમેરીકા જેવા દૂરના દેશમાં આજથી થોડા વર્ષની વાત પર ફરકાવ્યો હતો. તે આજ વીરનર હતો કે જેણે દુનિયાની સપાટી ઉપર જૈન ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવો એક ધર્મ હૈયાતી ભોગવે છે એમ આજની દુનીયાને જાહેર કર્યું હતું, તે આજ મહા પુરૂષ હતો કે જેની ઉપદેશ આપવાની અદ્દભુત શક્તિથી અમેરીકાના ઘણા લોકો આપણા ધર્મમાં આવવાને માટે લલચાયા હતા, પણ અફ્સોસ! આ વીર પુરૂષના પાછા ફરવા પછી આપણા તરફથી એક પણ ઉપદેશક ધર્મપ્રચાર અર્થે ત્યાં મોકલવામાં આવેલ નથી. તેમજ તેવા ઉપદેશકો તૈયાર કરવા માટે પણ જૈન પ્રજાએ મુદ્દલ પ્રયાસ કર્યો નથી. આ શું ઓછા ખેદની વાત છે? તેની જેવા બીજા પુરૂષોને ઉપદેશક તરીકે બહાર પાડવાને લલચાવવા જૈન પ્રજાએ જોઇતા સાધનો પૂરાં પાડવામાં તદન બેદરકારી અને બખીલાઇ બતાવી છે અને જૈન ધર્મનો પ્રચાર કરવામાં અટકાયત થવાનું બીજું કારણ જૈન પ્રજાની કોઇ પણ સારા કાર્યની કદર નહિ કરવાની ખામીને આભારી છે.

જૈન ધર્મના સંબંધમાં ખોટા વિચારોનો પ્રસાર થતો અટકાવવા તેમજ તેના ખરા જ્ઞાનથી લોકોને વાકેફ કરવા આવા એક મહાન્ મીશનની આજ અનિવાર્ય જરૂર છે. અલબત આવા મીશનમાં જોડાવાને માટે નીઃસ્વાર્થ અને ધર્મ બુદ્ધિથી કામ કરનારા કર્મયોગીઓની આપણને જરૂર પડશે; પરંતુ જૈન પ્રજા તેઓને જોઇતાં સાધનો તૈયાર કરી આપવાનું માથે લેશે તો તેવા પુરૂષો બહાર પડવામાં વીલંબ નહિ થશે એવી મારી માન્યતા છે.

હાલના જમાનામાં ભ્રાતૃભાવનો ગુણ લોકોમાં વૃદ્ધિ પામતો કાંઇક જોવામાં આવે છે, અને તેથી હું કહેવાની હિંમત કરૂં છું કે ભવિષ્યમાં આ ભ્રાતૃભાવ પોતાના જ્ઞાતિજનોમાંજ નહિં, પરંતુ પોતાના દેશબંધુઓમાં અને આખરે સર્વ જગતના લોકોમાં જોવામાં આવશે અને તે વખતે **મીસીસ જેટર્સીંગર**ના શબ્દોમાં કહીએ તો 'ઇન્ડીઅનો, અમેરીકનો, જર્મનો, ઇંગ્લીશમેનો, ફ્રેંચો યા એવાજ દેશના ઉપનામોથી લોકો પોતાને ઓળખાવાને બદલે જગતના સર્વ લોકો પોતાને એક બીજાના બંધુઓ તરીકે ઓળખાવશે.'

આપણો જૈન ધર્મ ભ્રાતૃભાવના મહાન્ નિયમ ઉપર રચાયેલો છે. તે જ્ઞાતિભેદ મુદલ સ્વીકારતો નથી, તેમજ અમુક માણસ ઉચ્ચ કુળમાં જન્મ્યો તેથી તે કાયમને માટે ઉચ્ચજ ગણાવો જોઇએ અથવા નીચ કુળમાં જન્મેલો માણસ સદાને માટે નીચજ રહેવો જોઇએ એવી માન્યતાને તે ઉત્તેજન આપતો નથી. માણસની મહત્વતા અથવા હલકાપણું તેની અંદર રહેલ ગુણ ઉપર આધાર રાખે છે જૈન ધર્મ માત્ર મનુષ્ય જાત પ્રત્યેજ ભ્રાતૃભાવ રાખવાને ઉપદેશ આપતો નથી, પરંતુ તેથી પણ આગળ વધી પશુ, પક્ષી, પૃથ્વીકાય અને વનસ્પતિના જીવો પ્રત્યે પણ માયાળુપણે વર્તવાની તે ભલામણ કરે છે. આવા ઉત્તમ તત્વો ઉપર જણાવેલા કર્મયોગીઓ તરફથી સારી રીતે સમજાવવામાં આવે તો સારા નરસાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન ધરાવનારા લોકો અવશ્ય તેનો સ્વીકાર કરશે, એવી મારી માન્યતા છે, અને આ કર્મયોગીઓ દેશોદેશમાં ફરતા રહી જ્યાં પણ જૈન ધર્મને માટે ગેરસમજુતીઓ ઉભી થતી હોય તે દૂર કરવા તેમજ જૈન શાસનની હેલના થતી અટકાવવા પ્રયાસ કરે તો આપણું આ મહાન્ મીશન સફળ નીવડે એમાં સહજ પણ સંદેહ નથી.

આવા એક મીશનને તૈયાર કરવાની સાથે એક બીજું મહાન્ કાર્ય પણ હાથ ધરવાની આવશ્યકતા છે, કે જેની સહાય વીના આપણું મીશન નિષ્ફળ નીવડવા સંભવ રહે છે. આજથી ચાર વર્ષની વાત ઉપર આપણામાંના ઘણાઓને યાદ હશે કે દિગંબર પંથના નેતા **મી. જગમંદિરલાલ જૈની** બાર-એટ-લૉનું મુંબઈમાં આગમન થયું હતું, અને તેઓના તરફથી જૈન ધર્મની ઉન્નતિના સંબંધમાં કેટલાંક ભાષણો આપવામાં આવ્યા હતા. તેઓએ જૈન સમાજના ત્રણે ફીરકાઓને સામાન્ય રીતે ગ્રાહ્ય હોય તેવાં ધર્મના તમામ તત્ત્વોની જુદા જુદા પુસ્તકોમાંથી ચુંટણી કરી તેનું ઇંગ્રેજી ભાષામાં ભાષાંતર કરી એક વોલ્યુમના આકારમાં પ્રગટ કરવાની આવશ્યકતા તરફ જૈન પ્રજાનું વ્યાજબી રીતે ધ્યાન ખેંચ્યું હતું. જૈનીઝમ શું ચીજ છે, તે સંપૂર્ણપણે સમજાવી શકે તેવા એક વોલ્યુમના માટે વિદેશી પ્રજા તરફથી આપણી પાસે વખતોવખત માગણી થઇ છે. પાશ્ચિમાત્ય પ્રજાનો આ એક જાતિસ્વભાવ છે કે તે દુનિયાના કોઈ પણ ભાગમાં જયાંથી પણ પોતાના અભ્યુદય માટે સારૂં જ્ઞાન મળી શકતું હોય ત્યાંથી તેને શોધી કાઢી તેનો સ્વીકાર કરવાને તેઓ કદી પણ અચકાતા નથી; અને તેથીજ આપણી જૈન ધર્મની પબ્લીશીંગ સંસ્થાઓ પ્રત્યે આપણા સિદ્ધાંતોનો ઇંગ્રેજી ભાષામાં તરજુમા કરાવવા માટે દબાણ કરતા આવ્યા છીએ, છતાં તે દિશામાં એક પણ પગલું આગળ વધવાને બદલે આપણે હજુ જ્યાંના ત્યાંજ ઉભા છીએ. હું એવા મતનો છું કે આવું પુસ્તક ઇંગ્રેજી ભાષા કે જે આજે આખા દેશની ભાષા થઈ પડી છે તેની અંદર તૈયાર કરવામાં આવે તો થોડા ખર્ચે અને થોડી મહેનતે આપણું મીશન વિશેષ ફળદાયી અને લાભકારી થઇ પડે. આ પુસ્તક મીશનના કાર્યમાં મદદરૂપ થઈ પડવાની સાથે હિંદુસ્તાનની તમામ યુનિવર્સિટીઓમાં જૈન સાહિત્ય દાખલ કરાવવામાં એક ઉપયોગી સાધન પુરૂં પાડશે; અને યુનિવર્સિટીની પદવી મેળવેલ જૈન તેમજ જૈનેતર વિદ્વાનો, જેઓને માથે ધર્મની બારાખડી પણ નહિં જાણવાનો આરોપ મેલવામાં આવે છે, તેઓ આવા પુસ્તકોનો લાભ લઈ ધાર્મિક અભ્યાસ ખીલવવા કાળજીવાન્ થશે.

આપણી જરૂરીયાતો અનેક છે, દિવસે દિવસે હાજતો વધતી જાય છે, બીજાઓ આગળ વધે છે, અને આપણે પાછળ હડતા જઇએ છીએ, માટે મારા જૈનબંધુઓ! જાગ્રત થઓ અને કોમને પડતી બચાવી લેવા પ્રયાસ કરો. હિં·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મત હારીને બેસી જવાનું નથી; પરંતુ ખંતથી આગળ વધવાનું છે. બીજી કેમોના દૃષ્ટાંતો આપણી સમક્ષ છે, તો શામાટે તેમાંથી ધડો લઇને આપણામાં જે ભુલ થતી હોય તે સુધારી આપણે આગળ વધવા પ્રયાસ ન કરવો ?

છેવટમાં મારે કહેવું જોઇએ કે અદેખાઇ અને કુસંપને તમારામાંથી હાંકી કાઢો, ઉત્તમ વિચારોથી કોમની ઉન્નતિ માટેની મહાન્ યોજનાઓ તૈયાર કરો, વિદ્વાનો અને શ્રીમંતો હાથોહાથ મેળવીને આપણે ધારેલ માર્ગે પહોંચવાને ઉત્સાહ અને ઉમંગથી આગળ વધો. પરમાત્મા તેમાં તમોને સહાયભૂત થશે. તથાસ્તુ.

---

# दशमा व्रत उपर कथा.

છઠ્ઠા દિશી પરિમાણ વ્રતમાં કરેલા નિયમમાં રાત્રિ કે દિવસે જે પ્રમાણનો સંક્ષેપ ( સંકોચ ) કરાય, તે દેશાવકાશિક નામનું બીજું શિક્ષાવ્રત કહેવાય છે. કહ્યા માણસ જ્યાં સુધી શ્રદ્ધા પૂર્વક દેશાવકાશિક વ્રતનું આચરણ કરે છે, ત્યાં સુધી તેટલો વખત તે સ્થાનથી અન્ય સ્થાનમાં રહેલા સર્વ જીવોને તેણે અભયદાન આપ્યું કહેવાય છે. ( આ વ્રતના આરાધનમાં ક્ષેત્રનો સંકોચ કરવા ઉપરાંત એકાસણું અથવા તેથી વધારે તપ અને બેટંક પ્રતિક્રમણ કરવા સાથે દશ સામાયિક કરવાની પ્રવૃત્તિ છે તેને દેશાવકાશિક કહેવામાં આવે છે. ) આ વ્રતના પ્રભાવથી **સુમિત્ર** પ્રધાનની જેમ શુદ્ધ ચિત્તવાળા મનુષ્યોના વિઘ્નો નાશ પામે છે તથા પરલોકમાં શુભ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

### દેશાવકાશિક વ્રત ઉપર સુમિત્ર મંત્રીની કથા.

સર્વ નગરીઓની શ્રેણીમાં મુખ્ય, પૃથ્વીનાં તિલકરૂપ અને ચાર વર્ગની લક્ષ્મીથી બાધા રહિત પોરજનો જેમાં રહેલા છે એવી **ચંદ્રિકા** નામની પુરી છે. અગ્રેસર વીરોના શ્વાસની ઉર્મીઓવડે જ શત્રુસમૂહને ઉખેડી નાંખનાર **તારાપીડ** નામનો રાજા તે નગરીનું ઉત્સવપૂર્વક પાલન કરતો હતો. તે રાજાને જિનભકિત રૂપી લતાને વૃક્ષ સમાન અને ચોતરફ સમગ્ર વિશ્વને સુગંધિત કરનાર કીર્તિરૂપી પુષ્પને ધારણ કરનાર **સુમિત્ર** નામે મંત્રી હતો. શાસ્ત્રરૂપી મંગળ દીવાથી પ્રકાશમાન અને બે ભુજારૂપી સ્તંભના તોરણ રૂપ તેના હૃદયમંદિરમાં બુદ્ધિ અને વિક્રમ રહેલા હતા. નવા યોવન વયવાળા અને ધર્મકાર્યથી પરાઙ્મુખ એવા રાજાએ એકદા તે વૃદ્ધ મંત્રીશને કહ્યું કે-' હે મંત્રી ! દેવપૂજા, પોતાનાં હાથથી દાન અને વ્યાખ્યાનનું શ્રવણ એ વિગેરે ધર્મ કાર્યો કરીને આ શરીરને ફોગટ શામાટે બાધા ( પીડા ) પમાડો છો ? અહો ! તમારી જેવો કયો માણસ આવા નિષ્ફળ ધર્મકાર્યના કલેશોવડે વૃદ્ધાવસ્થાથી ખાસ શ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીરને નિરંતર બાળી નાંખે ?" તે સાંભળી મુખવડે હાસ્ય કરતા મંત્રીએ રાજાને કહ્યું કે—"હે નરપતિ! આપ આવાં અનુચિત વચનો કેમ બોલો છો ? હે સ્વામી ! હું તો આપને પણ ધર્મકાર્યમાં ઉદ્યમ કરાવવા ઇચ્છું છું, તો ઉલટા આપજ તે કાર્યમાંથી મારો નિષેધ કેમ કરો છો ? જેના પ્રસાદથી બુદ્ધિમાન પુરૂષો નિર્વિઘ્ન રીતે સ્વર્ગના તથા મોક્ષના સુખને પણ મેળવે છે, તે ધર્મ શું નિષ્ફળ છે ?" તે સાંભળીને રાજાએ મંત્રીને કહ્યું કે—"હે મંત્રીશ ! વિઘ્નનો નાશ અને સંપત્તિની પ્રાપ્તિ રૂપ જે ધર્મનું ફળ તમે કહ્યું તે મને પ્રત્યક્ષ બતાવો." આ પ્રમાણે બોલતા તે રાજાને સચિવે કહ્યું કે-"હે સ્વામી ! આપ સર્વના નાથ છો અને બીજા આપના કિંકરો છો, તે સાક્ષાત્ ધર્મનુંજ ફળ છે." ત્યારે રાજાએ અમાત્યને કહ્યું કે-" એક પાષાણના બે કકડા કરીને તેમાંથી એક ભાગવડે પગથીયું બને છે અને બીજા ભાગવડે દેવની પ્રતિમા બને છે. તેથી કરીને શું તે એક ભાગે કાંઇ ધર્મ કર્યો છે ? અને બીજાએ ધર્મ કર્યો નથી ? એમાં ધર્મ નિમિત્તભૂત જણાતું નથી. આ જગત્‌ની સારી અથવા નઠારી સર્વ વ્યવસ્થા સ્વભાવથીજ સિદ્ધ છે." તે સાંભળીને મંત્રીએ કહ્યું કે-" પથ્થર તો અજીવ છે માટે તે દૃષ્ટાંત અહીં ઘટતું નથી, કારણકે ધર્મી હોય તોજ ધર્મની વ્યવસ્થા ઘટે છે." આ પ્રમાણે પ્રત્યુત્તર આપવાથી રાજા કાંઇક ઝંખવાણો થઇને સ્મિતપૂર્વક બોલ્યો કે-"હે મંત્રી ! હું તમારા વચનની શક્તિથી નિરૂત્તર કરાયો છું. તોપણ હે મંત્રીશ! કોઇ પણ વખત ધર્મનો પ્રભાવ પ્રત્યક્ષ જોયા પછીજ હું ધર્મ અંગીકાર કરીશ, તે વિના નહીં કરૂં." આ પ્રમાણે તે રાજા અને મંત્રીનો ધર્મ સંબંધી આલાપ ઘણો ખરો હંમેશા થતો હતો અને તે પ્રજાવર્ગમાં પ્રસિદ્ધ રીતે અધિક અધિક પ્રસાર પામતો હતો.

એક દિવસ પ્રધાન સર્વ રાજકાર્યો કરીને સાયંકાળે પાક્ષિક પ્રતિક્રમણ કરવા માટે પોતાને ઘેર ગયો. ત્યાં "આ આખી રાત્રી હું ઘરબહાર નહીં નીકળું." એ પ્રમાણે દેશાવકાશિક વ્રત લઇને સત્ય પ્રતિજ્ઞાવાળા તે સચિવે પચ્ચખ્ખાણ લીધું. પછી આવશ્યક ક્રિયા કરીને શુદ્ધ શ્રદ્ધાપૂર્વક ધ્યાનમાં લીન થઇ તે નવકાર મંત્ર ગણવામાં તત્પર થયો. તે વખતે રાજાના પ્રતીહારે આવીને તેને વિજ્ઞપ્તિ કરી કે-" આપને કોઇ મોટા કાર્યને માટે રાજા બોલાવે છે." તે સાંભળીને મંત્રીએ કહ્યું કે-" પ્રાતઃકાળ થતાં સુધી ઘરબહાર ગમન કરવાનો નિષેધ કરીને હું બેઠેલો છું, તેથી પ્રાતઃકાળે આવીશ." એમ કહીને મંત્રીએ પ્રતીહારને પાછો મોકલ્યો અને પોતે પંચપરમેષ્ઠી નમસ્કારરૂપી અમૃત સિંચનના વિવેકથી મનુષ્ય જન્મરૂપી વૃક્ષને સફળ કરવા લાગ્યો. તેવામાં ફરીથી પ્રતીહારે આવીને મંત્રીને કહ્યું કે-"તમારા વચનથી રાજા પોતાની આજ્ઞાનો ભંગ થવાને લીધે ક્રોધાયમાન થયા છે, અને તેથી મને કહ્યું છે કે-માયાએ કરીને અત્યંત વિચિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિવાળો તે મંત્રી જો ન આવે તો મારી સર્વ ઐશ્વર્યની મુદ્રા તેની પાસે માગી લાવો. એમ કહીને મને રાજાએ ફરીથી મોકલ્યો છે.” આ પ્રમાણે પ્રતીહારનાં વચન સાંભળીને સચીવે હાસ્ય કરીને તત્કાળ ખરાબ શીખવાળી દાસીની જેમ સર્વ રાજમુદ્રા આપી દીધી. તે લઈને પ્રતીહારનાં ગયા પછી કલ્યાણના સમુદ્ર સમાન મંત્રી રાજચિંતારૂપી શલ્યનો નાશ થવાથી ધર્મમાં વધારે દઢ થયો.

અહીં પ્રતીહાર કૌતુકથી સચીવ મુદ્રાને ધારણ કરી પોતાના સીપાઇઓ વચ્ચે હસતો હસતો બોલ્યો કે–‘જુઓ, હું મંત્રી થયો’ તે સાંભળીને “હે મંત્રીઓના મધ્યમાં મુગટ સમાન મંત્રી ! ધીમે ધીમે પગલાં ભરો.” એ પ્રમાણે હાસ્યથી બોલાવતા પુરૂષોએ પરિવરેલો પ્રતીહાર તે મંત્રીના ઘરથી આગળ ચાલ્યો. તે જ વખતે માર્ગમાં ખડ્ગને પ્રગટ કરતા કેટલાએક સુભટોએ તેને પાડી દીધો, અને ખડ્ગપ્રહારવડે તત્કાળ તેને મૃત્યુ પમાડ્યો. તે જ વખતે રાજાના બીજા સુભટોએ તે શત્રુઓને હણ્યા. ‘પ્રતીહાર હણાયો, હણાયો’ એમ મોટો પોકાર થયો તે સાંભળીને રાજા ક્રોધરૂપી અગ્નિથી પ્રદીપ્ત થઇને જ્વાળાની જેવા ઘણા મોટા શબ્દે બોલવા લાગ્યો કે–“ મારા હુકમનો અમલ કરનાર પ્રતીહારને અત્યંત કપટના ગૃહરૂપ મંત્રીએજ ખરેખર હણ્યો જણાય છે, તેથી જો હું તે કપટી વૃદ્ધ મંત્રીનું શિર મારે હાથેજ છેદીને ઉછાળું તોજ મારા ચિત્તમાં શાંતિ થશે. ” આ પ્રમાણે ઉંચે સ્વરે બોલતો ક્રોધના આવેશથી ભયંકર તે રાજા જ્યાં પ્રતીહારને હણનારા અને ઘાથી પીડા પામતા તે સુભટો પડ્યા હતા ત્યાં આવ્યો. રાજાએ દીવાથી તે સર્વેને જોઇને વિચાર્યું કે–“ આ કાંઇ પ્રધાનના સુભટો નથી પરંતુ કોઇક પરદેશી જેવા જણાય છે. ” એમ બોલીને રાજાએ તેમને પૂછ્યું કે–‘ તમે કોણ છો ? અને આ પ્રતીહારને તમે કેમ હણ્યો ? ’ ત્યારે જેમના પ્રાણ કંઠ સુધી આવ્યા છે એવા તે યોદ્ધાઓ ક્રોધથી ઓષ્ઠને પીસતા બોલ્યા કે–“હે રાજા ! તું અમને શું પૂછે છે ? દુષ્ટ આશયવાળા દૈવનેજ પૂછ, કે જે દૈવે અમારા સ્વામીનો મનોરથ વ્યર્થ કર્યો. ધરાવાસ નામના નગરના રાજા શૂરસેને મોટી ઇચ્છાથી સુમિત્ર મંત્રીને હણવા માટે અમને પોતાના સેવકોને અહીં મોકલ્યા હતા. કારણકે તમારો મંત્રી અમારા સ્વામીને દર વરસે દંડે છે, અને અમારા સ્વામી ( રાજા ) ના શત્રુરૂપ તમારૂં સર્વદા પોષણ કરે છે, માટે અમે આજે અમારા સ્વામીની આજ્ઞાથી મંત્રીનો માર્ગ રોકીને રહ્યા હતા, તેટલામાં ક્યાંઇથી પણ સિંહના પંજામાં શીયાળની જેમ આ પ્રતીહાર આવી પડ્યો. અમે તેને મંત્રી તરીકે બોલાવાતો જોઇ તેને હણ્યો.” આ પ્રમાણે ખુલાસો કરીને ભયંકર આકૃતિવાળા, અને પ્રગટ દુષ્ટ આશયવાળા તે ચારે ઘાત કરનાર યોદ્ધાઓ તેજ સ્થાને મૃત્યુ પામ્યા. તે સઘળું જોઇ પશ્ચાતાપ પામેલો રાજા ઘણા પૌરલોકો સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રીને ઘેર જઇને તે મંત્રીના બન્ને હાથ પકડી ખમાવવા લાગ્યો અને બોલ્યો કે-" મંદ બુદ્ધિવાળા મેં તમારી જેવા નરરત્નનો જે અપરાધ કર્યો છે, તે અપરાધને માટે તમે મને ક્ષમા કરો, ક્ષમા કરો. હે પૂજ્ય ! જો તમે આજે વ્રત ગ્રહણ કર્યું ન હોત તો તમે જીવત નહીં, અને તમારા વિના આ મોટા વૈભવવાળું મારૂં રાજ્ય પણ રહેત નહીં, તેથી કરીને અતુલ કલ્યાણના કારણ પુણ્યકર્મનું ફળ જે પાપનો નાશ કરનારૂં છે તે મેં ઘણે કાળે પ્રત્યક્ષ જોયું છે. આજે તમે ગ્રહણ કરેલા આ વ્રતવડે તમારા સુકૃત (પુણ્ય) અને જીવિતનું પોષણ થયું છે અને મારા દુષ્કૃત (પાપ) અને અપકીર્તિનું શોષણ થયું છે. તેથી હે સાત્વિક ! તમે મારો અપરાધ ક્ષમા કરો, મારા પર પ્રસન્ન થાઓ, મારી સાથે વાતચીત કરો, મને ધર્મમાં પ્રેરણા કરો અને આ સંસાર સાગરમાંથી મને શીઘ્ર તારો. " તે સાંભળી સચીવે કહ્યું કે-" હે રાજા ! આમાં કાંઈ પણ તમારો અપરાધ નથી, કારણ કે હમણાં તમે પશ્ચાતાપ સહિત ધર્મને વિષે બુદ્ધિ ધારણ કરી છે."

ત્યાર પછી પ્રભાતકાળે રાજમુદ્રાને ફરીને પામેલા મંત્રીએ પ્રેરણા કરેલા રાજાએ **પૂર્ણચંદ્ર** નામના ગુરૂની પાસે શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો. અન્યદા રાજલક્ષ્મીથી ભૂષિત થયેલો શૂરસેન નામનો રાજા પણ તે મંત્રીથી શંકા ( ભય ) પામીને પોતાના કંઠપર કુહાડો મૂકી ત્યાં આવ્યો. અને તારાપીડ રાજાની આજ્ઞા સ્વીકારી. મંત્રીના ઉપદેશથી તારાપીડ રાજાએ દેવપૂજા, સુપાત્રદાન, સદ્ધ્યાન અને રથયાત્રા વિગેરે ધર્મકાર્યો કરીને પોતાનો મનુષ્ય ભવ પવિત્ર કર્યો. તે તારાપીડ રાજાના સમયમાં તેના રાજ્યમાં બાળક કે ચંડાળ કોઇ પણ એવો મનુષ્ય નહોતો કે જે જિનેશ્વરે કહેલા ધર્મના અનુષ્ઠાનમાં તત્પર ન હોય. આ પ્રમાણે મંત્રીની જેવોજ શુદ્ધ બુદ્ધિવાળો થયેલો રાજા ધર્મકાર્ય કરીને અંતે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પામીને મોક્ષલક્ષ્મી વર્યો.

હે સુજ્ઞ ભવ્ય જીવો ! આ સુમિત્ર મંત્રીના દૃષ્ટાંતરૂપ દીપકે દેશાવકાશિક વ્રતના માર્ગને પ્રકાશિત કરેલો છે, તેથી તે માર્ગમાં તમે સુખે સુખે ગમન કરો.

। इति देशावकाशिक व्रत विचारे सुमित्र कथा ।

# आगमप्रकाशन कार्य.

## ( તત્ત્વાર્થાધિગમભાષ્યના હિંદી અનુવાદની સમાલોચના )

આગમપ્રકાશનનું કાર્ય શા શા હેતુવડે ગુજરાતી યા હિંદી અનુવાદ સાથે છપાવીને બહાર પાડવા યોગ્ય નથી તે અમે એકથી વધારે વખત બતાવી ગયા છીએ. હિંદી અનુવાદકારે તત્ત્વાર્થાધિગમના અનુવાદમાં કેવી-માફ ન થઇ શકે તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂલો કરી છે તે અમે ચાલુ વર્ષના ચોથા અંકમાં બતાવી ગયા છીએ, તદુપરાંત બીજી પણ કેટલીક ભૂલો તેના અનુવાદની સત્યતા માનીને કોઈ ન ઠગાય તેટલા માટે આ નીચે બતાવવામાં આવે છે.

પૃષ્ટ ૭૪માં સાતે નરકમાં કયા જીવો કયાંસુધી જાય તે બતાવતાં પંક્તિ ૨૫મી માં લખે છે કે-" ઔર સરીસૃપા (સર્પવિશેષ) પ્રથમ તથા દ્વિતીય ભૂમિમેં ઉત્પન્ન હોતે હૈ. " આમાં સરીસૃપ શબ્દનો અર્થ ભૂજપરીસર્પ છે તે આવડ્યો નથી. ભૂજપરિસર્પ તે કાંઇ એક પ્રકારના સર્પ નથી પરંતુ ભૂજાવડે પરિસર્પ-કરનાર-ચાલનાર તિર્યંચ પંચેંદ્રીઓ-નોળીયા, ખીસકોલી, કાકીડા, ઉંદર, ગરોળી વિગેરે જીવો છે કે જે બીજી નરક સુધી ઉત્પન્ન થાય છે. તેની ખબર ન હોવાથી સંસ્કૃતમાં **सरीसृपा** શબ્દ છે તેને **सर्पा** માની લઇ મનમાન્યો અર્થ કરી દીધો છે. આ જીવવિચારાદિ પ્રકરણોનું કેટલું અજ્ઞાનપણું સૂચવે છે તે વાંચકોએ વિચારી જોવું.

આગળ પૃષ્ટ ૭૯ પંક્તિ ૬ ઠ્ઠી માં ભાષ્યકાર કહે છે કે- **भद्रशालवनात् पंचयोजनशतान्यारुह्य तावत् प्रतिक्रान्ति विस्तृतं नन्दनम्** । આનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે:-" ઔર ભદ્રશાળસે પાંચસો યોજન ઔર બઢકે વહાંતક પ્રતિક્રાન્તિ ( પ્રતિવ્યાપ્તિ વા પ્રતિબિમ્બ ) સે વિસ્તૃત નન્દન વન હૈ " જુઓ ! અહીં પ્રતિક્રાન્તિ શબ્દનો અર્થ ન બેસવાથી કેવો ગોટાળો કર્યો છે. મૂળ હકીકત એ છે કે-" ભદ્રશાળ વન જમીનના તળ ઉપર છે, ત્યાંથી પાંચશે યોજન ઉપર ચડીએ ત્યારે તેટલા એટલે ૫૦૦ યોજનના ફરતા વિસ્તારવાળું નંદનવન છે. " આમાં **તાવત્** નો અર્થ પણ **તેટલાંજ** યોજન એવો આ પ્રસંગને અનુસરતો કરવો જોઇએ તે હકીકતના અજ્ઞાનપણાને લઇને કર્યો નથી અને **પ્રતિક્રાન્તિ** નો અર્થ પણ **પ્રતિબિમ્બ** વા **પ્રતિવ્યાપ્તિ** કર્યો છે એટલે આ શબ્દનો અર્થ પણ પાછો કોષમાં જોઇએ ત્યારે મળે તેવો અને અસત્ય કર્યો છે.

આ પૃષ્ટની નોટમાં વિદ્વાન અનુવાદકાર લખે છે કે-" ઔર યહ પરિહાણી ( ન્યૂનતા ) જો આચાર્યને કહી હૈ વહ ગણિતકે અનુસાર કિંચિત્ ભી વિશ્વાસકે યોગ્ય નહી હૈ. " આચાર્યના સંબંધમાં પણ આવો અભિપ્રાય પ્રગટ કરનારને કેવા ઉત્કૃષ્ટ વિદ્વાન કહેવા ? જે હકીકત પોતે સમજે નહીં, પરિહાણી સંબંધી ગણિત કેમ કરવાનું છે તે જાણે નહીં, અને આચાર્યનું ગણિત અવિશ્વાસપાત્ર કહે તેને માટે શું કહેવું ? અમે શાસ્ત્રાનુસાર તે ગણિત સમજાવી શકીએ છીએ, જેને અવિશ્વાસ હોય તેમણે વિશ્વાસ મેળવવા માટે તસ્દી લેવી. આવા અનુવાદકારથી ગ્રંથકારની મહત્ત્વતામાં કેટલી ક્ષતિ થાય છે તે વાંચકોએ વિચારવું.

ઉપરનીજ નોટમાં પૃષ્ટ ૮૦ નીચે લખે છે કે-' મેરૂ ઉપર એક લક્ષ યોજન ઉંચા હૈ' તે અસત્ય છે. મેરૂ ઉપર ૯૯૦૦૦ યોજન છે. એક હજાર યોજન જ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીનમાં છે. પોતેજ પૃષ્ઠ ૭૯ પર ૧૧ મી પંક્તિમાં લખી આવ્યા છે કે 'નિન્નાનવે સહસ્સ યોજન ઉંચા' છતાં અહીં પાછા લાખ પૂરા લખે છે. પણ પૂર્વાપર જોવે કોણ? આવા અનુવાદ શા કામના?

પૃષ્ઠ ૮૦ પંક્તિ બીજીમાં જંબુદ્વીપના સાત ક્ષેત્રોના નામ આપીને પછી **वर्षाः क्षेत्राणि** એમ અંતે મૂળકારે કહ્યું છે, તેના અર્થમાં અનુવાદકાર લખે છે કે–'સાત **વર્ષધર** ક્ષેત્ર હૈ.' જેને વર્ષ અને વર્ષધરના અર્થનું પૃથક્ ભાન નથી તે ક્ષેત્રને પર્વત ને પર્વતને ક્ષેત્ર બનાવી દેય તેમાં શી નવાઇ? વર્ષધર એટલે ક્ષેત્રોને ધારણ કરનાર–ક્ષેત્રોને જૂદા પાડનાર પર્વતો છે. તે જાણવામાં ન હોવાથી–જો કે આગળ વર્ષધર પર્વત સંબંધી બીજાં સૂત્રો આવે છે છતાં પૂર્વાપર જોવાની તસ્દી ન લેવાથી અર્થનો અનર્થ કરેલો છે. આ સૂત્રની ભાષ્યમાં **वंशाः क्षेत्राणि भवन्ति** એમ કહ્યું છે, તેનો અર્થ પણ 'સાત **વંશધર** ક્ષેત્ર હૈ' એમ કર્યો છે. આમાં 'ધર' શબ્દ ક્યાંથી લાવું છું તે પણ વિચાર્યું નથી. તેજ ભાષ્યમાં **वंशा वर्षा वास्या इति चैषां गुणतः पर्याय नामानि भवन्ति** એમ કહેલ છે. તેના અનુવાદમાં પ્રથમ 'વંશ, વર્ષ તથા વાસ્ય યે ઇનિ ક્ષેત્રોકે ગુણસે પર્યાય નામ હૈ.' એટલો અર્થ કરીને પછી પોતાનું ડહાપણ બતાવવા માટે લખે છે કે–'અર્થાત્ યે સાત વંશધર પર્વત, વર્ષધર પર્વત અથવા વાસ્યધર પર્વત કહે જા સકતે હૈ.'' સાબાશ છે લખનારના ડહાપણને! તેણે અહીં તો ચોખે ચોખા ક્ષેત્રોને પર્વત બનાવી દીધા. આ અર્થાત્ લેખ લખ્યો છે તે ડહાપણ ક્યાંથી લાવ્યા? જરા તો વિચારવું હતું કે ઉપર ભાષ્યકાર પ્રત્યક્ષ ક્ષેત્રાણિ કહે છે તમે પણ સાત ક્ષેત્ર હૈ એમ લખો છો તેના પાછા અહીં પર્વત કઇ વિદ્યાના ચમત્કારથી થઇ ગયા. ભાષ્યકાર ભગવાને ક્ષેત્ર શબ્દના ત્રણ પર્યાયી નામો ગુણ નિષ્પન્ન કહ્યા તેનો અર્થ આપે બહુ મજાનો ખોલી આપ્યો. વાંચકો! વિચારજો કે અનુવાદકાર કેવો અનુવાદ કરે છે?

પૃષ્ઠ ૮૧ માં આંકડાઓની ભૂલો તો પુષ્કળ કરી છે. પ્રારંભમાં પંક્તિ ૪ થીમાં ભરતક્ષેત્રના વિષ્કંભમાં ૫૨૬ યોજન ઉપર **षट् चैकोनविंशति भागाः** એમ ભાષ્યકારે લખ્યું છે તેનો અનુવાદ "ઔર છહ કે ઉન્નીસ વેં ભાગ (૫૨૬ ૧/૧૯)" આવો કર્યો છે. જુઓ ખુબી! પ્રથમતો એક યોજનના ઓગણીશ ભાગ કરીએ તેવા છ ભાગ એમ અર્થ કરવો જોઇએ તેને બદલે છના ઓગણીશમા ભાગ અર્થ કર્યો અને પાછા આંકડામાં ૧/૧૯ લખ્યા–એટલે શું સમજવું? આ બધી હકીકતની ને અર્થની અજ્ઞાનતાજ સૂચવે છે. આજ ભાષ્યમાં આગળ પંક્તિ ૫ માં **पंचविंशति योजनान्यवगाढो** લખેલ છે, તેનો અર્થ 'પચ્ચીસ યોજન વિસ્તૃત' કર્યો છે. અવગાઢ શબ્દનો અર્થ ઉંડો–જમીનમાં એમ કરવો જોઇએ તે પણ આવડ્યો નથી. ત્યારપછી **तद्विमहाहिमवान्** એમ પંક્તિ ૬ ઠ્ઠી માં લખ્યું છે તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થજ મુકી દીધો છે-લખ્યો નથી. હિમવંત પર્વત કરતાં બમણા પ્રમાણવાળો મહાહિમવંત પર્વત છે એ તેનો અર્થ છે.

એજ પૃષ્ઠ ૮૧માં ભરતક્ષેત્રની જીવા **चतुर्दश सहस्राणि चत्वारि शतान्येकसप्ततानि षट् च भागाः विशेषतो ज्या ।** આ પ્રમાણે ભાષ્યમાં કહેલ છે, તેનો 'ચૌદહ સહસ્ર ચારસૌ યોજન તથા ઈકહત્તરમેં છહ ભાગ' આમ અર્થ કરી (૧૪૪૦૦ ૬/૧૯) આમ આંકડા મુકયા છે. ખરી રીતે ૧૪૪૭૧ ૬/૧૯ આ પ્રમાણે જોઈએ. આગળ **धनुःकाष्ठं चतुर्दश सहस्राणि शतानि पंचाष्टाविंशान्येकादश च भागाः साधिकाः** એમ ભાષ્યમાં કહેલ છે તેનો અર્થ 'ચૌદહ સહસ્ર પાંચસૌ ઔર કુછ અધિક અઠ્ઠાઈસમેં ગ્યારહ ભાગ' આ પ્રમાણે કરી (૧૪૫૦૦ ૧૧/૧૯) આમ આંકડા મુકયા છે, તે ખરી રીતે ૧૪૫૨૮ ૧૧/૧૯ જોઈએ. પણ હકીકત વિગેરેના અજ્ઞાતપણાથી ખરા અર્થ આવે કયાંથી? આગળ દેવકુરૂક્ષેત્રનો વિષ્કંભ **एकादश योजन सहस्राण्यष्टौ च शतानि द्विचत्वारिंशानि द्वौ च भागौ** આ પ્રમાણે ભાષ્યમાં કહેલ છે તેનો અર્થ 'ગ્યાર હજાર આઠસો ઔર બિયાલિસ મેં દો ભાગ' આ પ્રમાણે કરી (૧૧૮૦૦ ૨/૧૯) આમ આંકડા મુકયા છે, તે પણ ૧૧૮૪૨ ૨/૧૯ જોઈએ. આવી ભૂલ અનેક સ્થાનકે કરી છે.

પૃષ્ઠ ૮૨ પંક્તિ ૩-૪માં ભાષ્યકારે કહ્યું છે કે- **पूर्वेषु षोडश चक्रवर्त्तिविजया नदीपर्वतविभक्ताः परस्परागमाः** એનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે-"પૂર્વમેં સોળહ વિદેહ હૈં જો કે ચક્રવતી વિજય તથા નદી ઔર પર્વતોંસે વિભક્ત પરસ્પર હૈ." આ અનુવાદ કેટલું બધું ભાષાનું ને હકીકતનું અજ્ઞાનપણું સૂચવે છે. એનો ખરો અર્થ એ છે કે-"પૂર્વ તરફ ચક્રવતી (ને જીતવા લાયક) વિજય સોળ એકેક નદી અને એકેક પર્વત (વક્ષસ્કાર) થી વિભક્ત છે અને પરસ્પર (એક બીજીમાં) ગમનાગમન ન થઈ શકે તેવી છે."

ધાતકીખંડ ને પુષ્કરાર્ધમાં આપેલા ચાર ક્ષુદ્ર મેરૂ પર્વતનું પ્રમાણ મહામંદરથી પંદર હજાર યોજન ન્યૂન છે એમ પ્રથમ કહીને પછી તેના ત્રણ કાંડને માટે કહ્યું છે કે- **तेषां प्रथमं कांडं महामंदरतुल्यम् । द्वितीयं सप्तभिर्हीनम् । तृतीयमष्टाभिः ।** આનો અર્થ કરતાં 'દ્વિતીય કાંડ સાતસેં ન્યૂન હૈ, ઔર તૃતીય કાંડ આઠસે હીન હૈ' આ પ્રમાણે લખે છે. પોતેજ પૂર્વે પંદર હજાર ઓછો લખ્યા પછી એકજ પંક્તિમાં તે વાત ભૂલી જાય છે અને સાત હજાર-આઠ હજાર લખવાને બદલે સાતસે-આઠસે લખે છે. આવા અનુવાદ ઉપર આધાર રાખવાથી કેવો બોધ થાય તે વિચારવા યોગ્ય છે.

આગળ પૃષ્ઠ ૮૨ માં ક્ષુદ્ર મેરૂનું પ્રમાણ જુદું જુદું બતાવતાં ભાષ્યકારે કહ્યું છે કે-**भद्रशालनंदने महामन्दरवत् । ततो अर्धषट्पंचाशद्योजनसहस्राणि सौमनसं पंचशतं विस्तृतं । ततोऽष्टाविंशतिसहस्राणि चतुर्नवति चतुःशत विस्त-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तमेत्र पांडकं भवति।** આનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે-" ભદ્રશાળ તથા નંદન-વન મહામંદરકે સમાન હૈ। ઉસકે પશ્ચાત્ સાડે છપ્પન હજાર યોજન લંબા તથા પાંચસો યોજન વિસ્તૃત સૌમનસ વન હૈ, ઔર ઉસકે અનંતર અઠ્ઠાઈસ હજાર યોજન લંબા ઔર ચારસો ચૌરાનવે યોજન વિસ્તૃત (ચૌડા) પાંડક વન હૈ." આ અર્થમાં કેટલો બધો વિપર્યય કર્યો છે. " નંદનવનથી ઉપર સાડી પંચાવન હજાર યોજન જઈએ ત્યારે પાંચસો યોજનના ફરતા વિસ્તારવાળું સૌમનસ વન છે અને તેની ઉપર અઠ્ઠાવીશ હજાર યોજન જઈએ ત્યારે ૪૯૨ યોજનના ફરતા ઘેરાવાવાળું પાંડક વન છે. " આ પ્રમાણે ખરો અર્થ જોઈએ. હવે બંનેમાં જે તફાવત છે તે વાંચકો વિચારી જોશો. આમાં એક બીજું આશ્ચર્ય અનુવાદ કારક વિદ્વાન માટે અમને થાય છે કે **अर्धषट्पंचाशत** નો અર્થ સાડી છપ્પન કેવી રીતે કર્યો ? પણ જ્યાં ખરા ખોટાની પરીક્ષા નહીં ત્યાં જેમ લખે તેમ ચાલ્યું જાય એટલે પછી **सार्ध** છે કે **अर्ध** તે તપાસવાની શી જરૂર ?

આગમ પ્રકાશનના કાર્ય સાથે આ સમાલોચનાને જે સંબંધ છે તે અમે પ્રથમ પ્રકાશિત કરી ગયેલા છીએ. આગમ પ્રકાશનવાળાને કોઈ સિદ્ધાંતના અનુભવી, પ્રકરણાદિના બોધવાળા, શ્વેતાંબર આમ્નાયના ઘણા શાસ્ત્રોના અનુભવી અનુવાદ કરનાર મળવાના નથી-જે મળવાના છે તે ઉપરના અનુવાદ કરનારની પંક્તિનાજ મળવાના છે. આ હકીકતની વિશેષ સાક્ષી અમે સદરહુ કાર્ય પરત્વે બહાર પાડેલા ૪૪ પૃષ્ટના મોટા પેમ્ફલેટમાંથીજ આપશું.

સદરહુ પેમ્ફલેટના પૃષ્ટ ૧૧ માં લખે છે કે-" શ્રી ભગવતી સૂત્રના ટીકાકાર પુરૂષ ટીકાની રચના કરવાનો પોતાનો હેતુ જણાવતા આવા ભાવમાં પ્રકટે છે કે-આ ગ્રંથ (સૂત્ર) નું કોઇ પણ જાતની કઠિનતાવિના જ્ઞાન થઇ શકે તેટલા માટે પૂર્વ મુનિરૂપી શિલ્પિકારોએ વૃત્તિ, ચૂર્ણિ અને નાડિકા નામની ટીકાઓ લખી છે. યદ્યપિ તે ઉત્કૃષ્ટ જ્ઞાનવાળી છે પરંતુ તે સંક્ષિપ્ત હોવાના કારણે, તે મહાન્ જ્ઞાની પુરૂષોનેજ વાંછિત વસ્તુ સાધનની સામર્થક છે."

આ લખાણમાં સદરહુ મંડળના માનદ કાર્યભારી ભગવતીજીની **નાડિકા** નામની ટીકા છે એમ જણાવે છે. આ તેમના પોતાના અનુભવનું અથવા તેમણે જે પંડિતો પાસે અનુવાદ કરાવવાનું ધાર્યું હશે તેમના અનુભવનું પરિણામ છે. પરંતુ તે ભગવતીજીની અભયદેવસૂરિ કૃત ટીકા માંહેનાંજ વાક્યનું ભાષાંતર છે. આ અર્થ કરવામાં કેટલી ભૂલ કરી છે તે ટીકાના અનુભવી મુનિરાજ જ સમજી શકે તેમ છે. **નાડિકા** નામની ટીકા છે ? કોઈ જગ્યાએ સાંભળી છે ? ભગવતીજીમાં કહેલી હકીકતની મતલબ એવી છે ? આનો ઉત્તર એજ છે કે અર્થ સમજવા વિનાની આ હકીકત છે. ત્યાં પૂર્વાચાર્યકૃત વૃત્તિ ને ચૂર્ણિ રૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાડિકા એટલે બે દોરડીવડે આરોહણ કરવાની હકીકત છે. તેના બદલામાં નાડિકા ટીકા કરાવી દીધી છે. આવાજ અર્થો અનુવાદમાં વારંવાર આવવાના છે. લાભ અને સત્ય અર્થના પ્રમાણમાં અલાભ અને અસત્ય અર્થ એટલા બધા મોટા પ્રમાણમાં ઉત્પન્ન થવા-પ્રકટ થવા સંભવ છે કે તેનું ખરૂં પ્રમાણ અત્યારે આપી શકાય તેમજ નથી-કલ્પી શકાય તેમ છે. તેથી હજુ પણ ભાષાનુવાદના કાર્યથી પાછા ઓસરવાની અત્યંત આવશ્યકતા છે. વિચાર્યા વિના જો પગલું ભરાશે-છપાવીને બહાર પાડવામાં આવશે તો પછી પાછું ફરાશે નહિ, પરંતુ અસત્ય ભાવ પ્રકટ કરવાના-જિનવાણીને અન્યથા સ્વરૂપમાં પ્રદર્શિત કરવાના દોષના ભાગીજ થવું પડશે. આટલું હિત બુદ્ધિથી લખ્યું છે. ધ્યાનમાં લેવું કે ન લેવું તે તેમની મરજી ઉપર છે.

## ખાસ સહાય આપવા યોગ્ય

# श्री जीवदया ज्ञान प्रसारक फंड-मुंबइ.

આ ફંડના ઓનરરી મેનેજર **ઝવેરી લલુભાઇ ગુલાબચંદ** તરફથી તે ખાતાનો ત્રીજો વાર્ષિક રીપોર્ટ સને. ૧૯૧૩ ના વર્ષનો બહાર પડેલો અમને મળ્યો છે તે સાદ્યંત વાંચી જોતાં એ ખાતા તરફથી જે પ્રયાસ કરવામાં આવેલો છે તે અત્યંત સ્તુત્ય છે એમ જણાય છે, એટલુંજ નહીં પણ અનેક રાજામહારાજાઓની, સદ્‌ગૃહસ્થોની, ધર્માચાર્યોની, વિદ્વાનોની તેમજ ઉદાર દિલના મહાપુરૂષોની અનેક પ્રકારની સહાય મેળવીને જીવદયા જેવા અત્યુત્તમ કાર્યને એટલી હદે પહોંચાડયું છે કે તેને માટે ખાસ કરીને ઝવેરી લલુભાઇ ગુલાબચંદને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે.

જીવદયાનો હેતુ સિદ્ધ કરવા માટે એમણે જે જે પ્રકાર હાથ ધર્યા છે તે દરેક દીર્ઘ વિચારના પરિણામવાળા છે. અમુક દ્રવ્યના ખર્ચથી અમુક જીવોને છોડાવી પાંજરાપોળમાં મુકવાને બદલે તેટલા રૂપીઆનો ખર્ચ કરીને પશુ પક્ષીઓની હિંસા કરનારા-તેનો વધ કરનારા તેમજ તેનું માંસ ભક્ષણ કરનારાના હૃદયમાં દયા ઉપજાવવી તે ખરેખર વધારે લાભોત્પાદક છે એમ ધારી આ ફંડ તરફથી માંસાહારી પ્રજાવર્ગમાં અનેક પ્રકારના જુદાજુદા હેંડબીલો છપાવી, દેશપરદેશમાં તેનો ફેલાવો કરાવવામાં આવ્યો છે. અનેક પ્રકારના માંસાહાર નિષેધક તેમજ વનસ્પતિ ખોરાકની ઉત્તમતાદર્શક બુકો છપાવીને બહાર પાડી છે. મફત વેહેંચી છે. દૂર દેશથી તેવા પ્રકારની અનેક ઇંગ્રેજી ભાષામાં છપાવેલી બુકો મંગાવી તેનો આપણા [illegible] છે. તેની [illegible] મેળવી [illegible] ના [illegible] કર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક જગ્યાએ ઉપદેશકો પાસે ભાષણો કરાવ્યા છે. રાજા મહારાજાઓને અનેક પ્રસંગે પત્રો લખી તે તે રાજ્યમાં થતી હિંસા બંધ કરાવવા પ્રયત્ન કર્યો છે ને હિંસા બંધ કરાવી છે. અનેક રાજ્યમાં તે સંબંધી ઠરાવો થયા છે.

એકંદર તપાસતાં લાખોની સંખ્યામાં હેંડબીલો તથા બુકો વહેંચાવેલ છે, સંખ્યાબંધ રાજ્યોમાં હિંસા નિષેધના ઠરાવો કરાવ્યા છે. સંખ્યાબંધ જીવોની હિંસા અટકાવી છે. અનેક માંસાહારી મનુષ્યોએ માંસનો ખોરાક લેવો બંધ કર્યો છે. આખા રીપોર્ટમાંથી તમામ હકીકત સંક્ષિપ્તમાં લખવામાં આવે તોપણ પાનાના પાના ભરાય તેમ છે. આ ખાતાના ઉત્પાદક ને પોષક તેમજ પ્રાયે એક હાથે પુષ્કળ પ્રયાસ કરનારા ઝવેરી લલુભાઇને અમે ફરીને પણ ધન્યવાદ આપીએ છીએ. તે સાથે જીવદયાના કાર્યમાં નિઃસ્વાર્થ પ્રયાસ કરનારા અને નવાનવા હિંસાના પ્રકારો શોધી કાઢી તેના નિવારણ માટે જુદા જુદા હેંડબીલો છપાવી તેમજ ભાષણો આપી તેવી હિંસા અટકાવવાનો પ્રયત્ન કરનારા **રા. રા. લાભશંકર લક્ષ્મીદાસ** પણ આ ખાતાના સંપૂર્ણ સહાયક હોવાથી તેમને પણ ધન્યવાદ આપીએ છીએ.

આ જીવદયા ખાતાના ફંડની નાણા સંબંધી સ્થિતિનો રીપોર્ટ વાંચતાં તેની પાસે વાસ્તવિક સીલીક બહુ જુજ રહેલી જણાય છે, તેથી દયાળુ દિલના દરેક આર્ય બંધુએ આ ખાતાને આર્થિક મદદ આપવાની પરિપૂર્ણ આવશ્યકતા છે. કોઈ પણ કાર્ય દ્રવ્ય વિના બની શકતું નથી, માટે કાર્યકર્ત્તાઓના ઉત્સાહને વૃદ્ધિ પમાડવા માટે તેમજ અનેક જીવોની હિંસા અટકવાથી પ્રાપ્ત થતા પુણ્યના ભાગીદાર થવા માટે આ ખાતાને ઉદાર દિલે સહાય કરવાની અમે અનેકશઃ વિજ્ઞપ્તિ કરીએ છીએ. આશા છે કે ઉદાર દિલના ગૃહસ્થો પોતાની ઉદારતા બતાવશે અને ઝવેરી લલુભાઈ વિગેરે પૂર્ણ ઉત્સાહથી પોતાના કાર્યને આગળ વધારવા ઉદ્યમી થશે.

# उपाध्याय श्रीवीरविजयजीनुं भावनगर पधारवुं.

**( ભાવનગરમાં ચતુર્માસમાં થતા અપૂર્વ લાભો. )**

આચાર્ય શ્રી વિજયકમળ સૂરિજી અને ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી તથા પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજનું સપરિવાર કાઠીયાવાડમાં પધારવું થયું ત્યારથી ભાવનગરના શ્રી સંઘની આગ્રહપૂર્વક વિનંતિ ભાવનગર ચતુર્માસ કરવાની વળા, શીહોર, વાળુકડ, તળાજા, મહુવા વિગેરે સ્થાનોએ થયેલી હતી. પરંતુ શ્રી સિદ્ધાચળને ભેટ્યા અગાઉ ચતુર્માસનો નિર્ણય થઈ શકશે નહીં એવો ઉત્તર મળ્યા કરતો હતો. અનુક્રમે પાલીતાણે પધારવું થયું, ગિરિરાજને ભેટ્યા, યાત્રાનો લાભ મેળવ્યો, કેટલેક અંશે પાલીતાણે ચતુર્માસ રહેવા ધારણા થઈ. પરંતુ ત્યાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ ચારિત્રારાધનને અંગે કેટલાક કારણો વિચારતાં ત્યાં ચતુર્માસ ન કરતાં અન્ય સ્થળે જવાનો વિચાર તેઓ સાહેબના હૃદયમાં ઉદ્ભવ્યો. આ હકીકત જાણવામાં આવતાંજ ભાવનગરના સંઘના આગેવાનો કે જેઓ રાહજ જોઇ રહ્યા હતા તેઓ પાલીતાણે ગયા, પરંતુ તેમના ગયા અગાઉ આચાર્યશ્રી શીહોરના સંઘને ત્યાં ચતુર્માસ રહેવાનું વચન આપી ચૂકયા હતા, જેથી ભાવનગરના સંઘનો અત્યાગ્રહ છતાં તે વચનનું ઉલ્લંઘન તેઓ સાહેબે કરવું યોગ્ય ધાર્યું નહિ. એટલે પછી ઉપાધ્યાયજી માટે વિનંતિ કરવામાં આવતાં તેનો સ્વીકાર થયો. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી સર્વે મુનિરાજ શીહોર પધાર્યા. ત્યાં ભાવનગરના સંઘના ઘણા ગૃહસ્થો વંદનાર્થે ગયા અને થયેલા ઠરાવને વિશેષ દૃઢ કર્યો. પછી આચાર્યશ્રી ત્યાં રોકાયા અને ઉપાધ્યાયજીએ ભાવનગર તરફ વિહાર કર્યો. વરતેજ મુકામે અને ગઢેચી ( ભાવનગર પરા ) મુકામે પણ સંઘના પુષ્કળ માણસો વંદનાર્થે ગયા. અનુક્રમે અશાડ શુદિ ૪ થે ઉપાધ્યાયજી ૧૧ ઠાણા સાથે ભાવનગર પધાર્યા. શ્રી સંઘે મોટા ઠાઠમાઠ સાથે સામૈયું કરી શહેરની અંદરના મુખ્ય ઉપાશ્રયે ( મારવાડીને વંડે ) બીરાજમાન કર્યા.

ભાવનગરના સંઘમાં આનંદ આનંદ પ્રસાર પામ્યો. શુદ ૫ થીજ વ્યાખ્યાનની શરૂઆત કરવામાં આવી. પુષ્કળ શ્રાવક શ્રાવિકાઓ તેનો લાભ લેવા લાગ્યા. પૌષધ, પ્રતિક્રમણ, જપ, તપ, પ્રત્યાખ્યાનાદિ સવિશેષ પ્રવર્તવા લાગ્યા. ભગવતીજી, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ વિગેરે મહાન્ સૂત્ર તથા અપૂર્વ ગ્રંથોની વાંચના પંન્યાસજી શ્રીદાનવિજયજી તથા મુનિરાજ શ્રીપ્રેમવિજયજી પાસે શરૂ થઇ. અનેક પ્રકારના લાભો શ્રી સંઘને મળવા લાગ્યા.

એક હકીકત જે ઘણા વર્ષથી સુધારવા લાયક છતાં સુધરી શકી નહોતી તે ઉપાધ્યાયજી મહારાજના અમોઘ ઉપદેશથી સુધરી છે. તે હકીકત એ છે કે— ભાવનગરના શ્રીસંઘમાં વીશાશ્રીમાળી, દશાશ્રીમાળી અને ભાવસારોના મળીને સુમારે ૮૦૦ ઉપરાંત ઘરો છે; તેનું સ્વામીવચ્છળ દરવર્ષ ભાદરવા શુદિ ૫ મે જમે છે. તે જમાડવા માટે એક ગૃહસ્થ તરફથી અમુક રકમ વ્યાજે મુકાયેલી છે, પરંતુ તેની વ્યાજની રકમ ખર્ચના પ્રમાણમાં કે લગભગ ઉપજતી હોવાથી બાકીની રકમ ટીપ કરીને પૂરી કરવામાં આવે છે. પર્યુષણમાં કોઇને ત્યાં મોટી તપસ્યા થાય તો તે અથવા જે કોઇ કલ્પસૂત્રના પાના કે ઘોડીયાપારણા પોતાને ત્યાં પધરાવે તે સંઘ જમાડવા માટે અમુક રકમ પોતાની તરફથી ઉમેરવા તૈયાર થાય તેટલા માટે સંઘ જમાડવાનો આદેશ પર્યુષણમાં પાંચમે છઠ્ઠે દિવસે અથવા છેવટ સંવત્સરીને દિવસે આપવામાં આવતો હતો, જેથી તેને લગતો સર્વ આરંભ સમારંભ પર્યુષણના દિવસોમાંજ કરવો પડતો હતો. આ હકીકત નાપસંદ છતાં [illegible] હોવાથી અટકી શકતી નહોતી, તે ઉપાધ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યજી મહારાજના અતિ નિર્મળ અવિચ્છિન્ન ઉપદેશથી સુધરી ગઈ છે અને આ વર્ષના સંવત્સરીના પારણાનો આદેશ શ્રાવણ વદિ ૫ મે આપવામાં આવ્યો છે. આ કારણથી શ્રી સંઘમાં ઘણો હર્ષ પ્રવર્ત્યો છે.

બીજી એક બાબત એઠ જુઠ સંબંધી સુધારા પર આવી છે. એઠ જુઠાદિ કારણથી જૈનો આચારમાં બીજા કરતાં નબળા ગણાયેલા છે. જે હકીકત બીજા બધાં કરતાં જૈનોએજ ખાસ વર્જવા યોગ્ય છે, તેના સંબંધમાંજ ઉપેક્ષા કરવામાં આવે છે તે આશ્ચર્યની વાત છે. જૈન શાસ્ત્રાનુસાર એઠ જુઠમાં બે ઘડીની અંદર અસંખ્ય જીવો ઉપજે છે અને તેનો વિનાશ થાય છે તો એની હિંસા માત્ર પોતાના અલ્પ પ્રમાદને અંગે કોણ સ્વીકારે ? આ બાબતને અંગે આજ સુધીમાં અનેક વખત કહેવાતું હતું, પરંતુ તેનો પૂરતો અમલ થતો નહોતો. આ વખત તેનો સારી રીતે અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. ઉપાધ્યાયજી મહારાજનો અને પં. દાન વિજયજીનો એ સંબંધમાં બહુ મજબૂત ઉપદેશ પ્રવર્તે છે અને તેની અસર શ્રાવક શ્રાવિકાઓ ઉપર વધારે દૃઢ થયેલી જણાય છે, તેથી સ્વામી વચ્છલમાં એઠું ન મુકવું, અને પાણીના ઠામમાં પીધેલું પાત્ર ન બોળવું ઇત્યાદિ બાબત ઘણી ચર્ચા ચાલી રહી છે. કેટલાકે તે સંબંધના નિયમ લીધા છે, કેટલાક લેવાના છે, સંઘના આગેવાનો એ બાબતમાં દેખરેખ રાખવાના છે, તેથી આ બાબતમાં પણ અસંખ્ય જીવોની હિંસા થતી અટકશે એવો ઘણે ભાગે સંભવ છે. મહારાજજીના ચાતુર્માસને અંગે આ બીજું અસાધારણ લાભોત્પાદક કાર્ય થયું છે.

ચતુર્માસનો હજુ માત્ર એક માસજ વ્યતીત થયો છે. ઘણો સમય બાકી છે તેથી એકંદર ચાતુર્માસમાં થયેલા શુભ કાર્યોનો સરવાળો આપણે ચોમાસાને અંતે કરી શકીશું, પરંતુ આ ચોમાસું ભાવનગરના જૈન બંધુઓને અનેક પ્રકારે ઉપકારક થયું છે ને થશે એ તો ચોકસ સિદ્ધ થઈ ચૂક્યું છે. ઉત્તમ મુનિ મહારાજના ચતુર્માસનો પ્રભાવ અવર્ણનીયજ હોય છે, કારણકે આત્મપરિણતિની સુધારણા થવા વિગેરે કેટલાક અદૃશ્ય લાભો પણ તેથી થાય છે. પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયેલા આવા શુભ પ્રસંગનો અપૂર્વ લાભ બની શકે તેટલો વિશેષ લેવા માટે શ્રાવક ભાઇઓ પ્રત્યે અમારી પ્રાર્થના છે.

## મર્હુમ શેઠજી રતનજી વીરજી.

આ ઉત્તમ ગૃહસ્થના મૃત્યુની ખેદકારક નોંધ અમે ગયા અંકમાં ટુંકાણમાં લીધેલી છે. એમનો જન્મ સંવત ૧૯૧૮ ના કાર્તિક શુદિ ૧૧શે હોવાથી મૃત્યુ સમયે ( સં. ૧૯૭૦ના અશાડ વદ ૮મે ) તેમની ઉમ્મર ૫૨ વર્ષની હતી. તેમની મૂળ જન્મભૂમિ વાળુકડ છતાં આર્થિક પ્રયોજને તેમનું રહેવું મુંબઈ પાસે ઉરણ ગામે થયેલું હતું. ત્યાંથી કેટલાક જૈન બંધુઓના સંબંધમાં આવતાં એ સ્થળ નિત્ય નિવાસને માટે અયોગ્ય જાણી ભાવનગર ખાતે રહેવાનો નિર્ણય કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો હતો અને દશ બાર વર્ષથી ઘણે ભાગે ભાવનગરજ રહેતા હતા. ભાવનગરમાં ખાસ એમની માલેકીના ખરીદેલા અને બંધાવેલા ત્રણ ચાર બંગલાઓ છે. ભાવનગરથી ચાર ગાઉ ઉપર આવેલા વાળુકડ ગામે એક નાનું પણ સુંદર શિખરબંધ જિનમંદિર છે, તેની પાછળના ભાગમાં એમણે એક સુંદર જિનમંદિર બંધાવ્યું છે. તેની પ્રતિષ્ઠાના પ્રસંગ ઉપર એમણે ઉદાર દિલથી ઘણી મોટી રકમનો ખર્ચ કર્યો હતો અને ૧૫ દિવસ સુધી રસોડું ખુલ્લું રાખ્યું હતું.

ભાવનગરમાં થયેલી જૈન કોન્ફરન્સની બેઠક વખતે તેમણે રૂ. ૨૦૦૦૦) ની રકમ જૈન બોર્ડીંગ વિગેરેમાં વાપરવા જાહેર કર્યું હતું, તેમાંથી રૂ. ૧૫૦૦૦) ની રકમ જૈન બોર્ડીંગ ખાતે આપી છે અને શેઠ મનસુખભાઈ ભગુભાઇની રૂ ૨૫૦૦૦) ની રકમ તેમાં મેળવીને જૈન બોર્ડીંગ તેના વ્યાજમાં ચલાવવામાં આવે છે. બાકીના રૂ. ૫૦૦૦) તેમના કુટુંબીઓની રકમમાં મેળવીને ભાવનગર ખાતે દશા શ્રીમાળી સ્ત્રીઉદ્યોગશાળા ચલાવવામાં આવે છે.

પાલીતાણે એમણે એક દવાખાનું યાત્રાળુ વિગેરેના ઉપયોગ માટે ખોલેલું છે. તેના ખર્ચનો નિર્વાહ તેમના પોતાના તરફથી ચલાવવામાં આવે છે.

આ શિવાય બીજા નાના મોટા અનેક ઉત્તમ કાર્યો તેમણે ઉદાર દિલથી પુષ્કળ દ્રવ્યનો વ્યય કરીને કરેલાં છે.

ભાવનગરના સંઘના એઓ આગેવાન હતા, શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિ હતા, શ્રી જૈનધર્મ પ્રસારક સભાના વાઇસ પ્રેસીડેન્ટ હતા. રાજ્યમાં પણ તેમનું સારૂં માન હતું, શાંત સ્વભાવ ને ઉદારતાને અંગે તેઓ વખણાતા હતા. તેમનો અભાવ થવાથી ભાવનગરના શ્રાવક સમુદાયમાં એક ન પૂરાય તેવી ખામી પડી છે. અમારી સભાને પણ એવા એક અપ્રતિમ પુરૂષની ખોટ પડી છે. પરંતુ ભાવી પ્રબળ હોવાથી પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એટલુંજ ઇચ્છી મનને વાળવું પડે છે. એમની પાછળ એમના પુત્ર પ્રેમચંદ તથા ચુનીલાલને દીલાસો આપવા સાથે તેમના પિતાશ્રીને પગલે ચાલી તેમની કીર્ત્તિમાં વૃદ્ધિ કરવાની પ્રેરણા કરીએ છીએ.

તેમની પાછળ શુભ નિમિત્તમાં વાપરવા માટે તેમના પુત્રાદિકે સારી રકમ નિર્માણ કરી છે, તેમાંથી રૂ ૫૦૦૦) શેઠ રતનજી વીરજી દશાશ્રીમાળી નિરાશ્રિત ફંડ ખોલીને તેમાં આપ્યા છે. બીજી પણ કેટલીક રકમની પાંજરાપોળ, બાળાશ્રમ વિગેરે સંસ્થાઓમાં આપવાને અંગે વ્યવસ્થા કરી છે. અને તમામ રકમની સારી રીતે વ્યવસ્થા કરવા ઇચ્છે છે, એ ખાતે સંતોષ પામવા જેવું છે.

રતનજીભાઇ જેવા ઉત્તમ પુરૂષોની આ દુનિયામાં મૂળે ખોટ છે-અલ્પતા છે, તેમાં તેમના જવાથી વૃદ્ધિ થઇ છે. પરંતુ જગતસ્થિતિજ એવા પ્રકારની હોવાથી તે સંબંધમાં નિરૂપાયપણું માની ધર્મકાર્યમાં વિશેષે જોડાવાની તેમની સંતતીને તેમજ તેમના કુટુંબીઓને પ્રેરણા કરી આ ટુંક લેખ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only